આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

અધ્યાત્મ

વર્ષ : ૨૧

એપ્રિલ–૨૦૦૦

અંક : ૭

પ્રેમ

શ્રધ્ધા

ભક્તિ

પ્રભુકૃપા

યોગ

ધર્મ

સાધના

સત્સંગ

* ઈશ દૃષ્ટિ *

માનવ બીજા પ્રત્યે ધૃણાની દૃષ્ટિએ શા માટે દેખતો હોય છે? સ્વાર્થ, અહંકાર, ઈર્ષા જેવી વૃત્તિઓને લીધે, એવી અમંગલ વૃત્તિઓને લીધે, એની સદ્‌બુદ્ધિ ઘેરાઈને ઢંકાઈ જાય છે, અને એનું દર્શન વિપરીત તથા વિકૃત થાય છે. સદ્‌બુદ્ધિને જાગ્રત કરવા, વધારવા અને વૃત્તિ, દૃષ્ટિ તથા પ્રવૃત્તિને પવિત્ર બનાવવા પરમાત્માની સાથે સંબંધ બાંધવાનું અનિવાર્ય છે. પરમાત્માની સાથે સંબંધ બાંધવાથી પારસના સ્પર્શથી પલટાતા લોઢાની પેઠે માનવનું સર્વ કાંઇ પલટાઇ જાય છે. વ્યક્તિત્વ વિશદ બને છે અને દર્શન ઉદાત્ત અથવા અલૌકિક યોગીના જેવું બને છે. ભર્તુહરિ પોતાના વૈરાગ્યશતકમાં જણાવે છે કે કામવાસનાના વેગને લીધે અજ્ઞાન છવાયેલું ત્યારે સમસ્ત જગત નારીમય દેખાયા કરતું, પરંતુ હવે અંતરમાં અને આંખમાં સદસદ્ વિવેકરૂપી અંજન અંજાવાથી કામવાસનાનો કમળો દૂર થયો છે એટલે અખિલ બ્રહ્માંડમાં પરબ્રહ્મ પરમાત્મા સિવાય બીજું કશું જ નથી દેખાતું. પ્રેમભક્તિમાં ડૂબેલી ગોપીઓ જડચેતનમાં સર્વત્ર ભગવાન કૃષ્ણનું જ દર્શન કરતી. આત્મજ્ઞાની એવી રીતે ભગવદ્‌ગીતાની ભાષામાં કહીએ તો સર્વે જીવોમાં અથવા સમસ્ત સંસારમાં પરમાત્માને અને સમસ્ત સંસારને પરમાત્મામાં જુએ છે. એવું દર્શન એને સારુ સ્વાભાવિક થઇ જાય છે.

યોગેશ્વરજી

RNI No. 26/267/99 R – II

અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન : ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

અનુક્રમણિકા

શ્રી યોગેશ્વર કથામૃત	મા સર્વેશ્વરી	૩
પુણ્યતિથિની અનોખી ઉજવણી	નારાયણ હ. જાની	૮
લક્ષ્મણઝૂલાથી દેવપ્રયાગની પદયાત્રા–(૨)	કલ્યાણ	૧૬
નામપ્રેમી ભક્ત ચોખામેલા	પ્રા. બિપિન પટેલ	૩૩
શ્રીભર્તુહરિ વૈરાગ્યશતક	યોગેશ્વરજી	૩૯
કેલગેરીની મૌન સાધના શિબિર (૧)	રાજુ યાત્રી	૪૦
My Memories of Mahatmaji	Nityanand Badoni	૪૯
મારા સંસ્મરણો પૂ. મહાત્માજીના	નિત્યાનંદ બડોની	૫૫
ME AND MYSELF	Adarsh Gopal	૫૯
હું અને મારો અંતરાત્મા	અનુવાદ : નારાયણ હ. જાની	૬૧
મૌન સાધના શિબિરના સાધકો વિષે	ધીરજબેન નાણાવટી	૬૨

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૧ એપ્રિલ–૨૦૦૦ અંક : ૭

શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૨૮–૭–૮૧, મંગળવાર, આષાઢ વદ બારસ, ૨૦૩૭, સ્થળ : મુંબઈ.

સવારે સમયસર પૂ. શ્રીનો ક્રમ શરૂ થયો. લેખનકાર્ય કરતાં પહેલાં પરમશક્તિ સાથે સંપર્ક સાધી કપૂરા જવું કે નહીં તે અંગે જાણી લીધું. સર્વેશ્વરીએ એક નાનકડી ડાયરીના પાના ઉપર તે સંદેશો લખાવ્યો.

પછી પૂ. શ્રીએ વાત કરતાં કહ્યું. અમેરિકા વહેલું જઇ શકાયું હોત, પણ પ્રભુની ઇચ્છા. જે. વી. શાહ પણ કેટલા બધા કામમાં રહે છે. છતાં આપણું કામ કર્યા કરે છે. જે પણ મદદ કરે તે સૌનો આભાર જ માનવો.

આટલી વાતચીત બાદ પૂ. શ્રી લેખનકાર્ય કરવા બેઠા.

સર્વેશ્વરીએ નોંધ કરી લીધી. મુંબઈથી વડોદરા જતાં માર્ગમાં ગણેશપુરી આવે તો ત્યાં જવું એ વાત શ્રી જીતુભાઈની ઇચ્છા પર છોડવામાં આવી.

સમય થતાં સૌ આવી ગયા. ૮ મી ઓગસ્ટે ટીકીટ લેવાની વાત નક્કી થઇ છે. યજમાન પરિવારની વિદાય લઇ શ્રી જીતુભાઇ ગાંધીના ફ્લેટમાં ગયા. ત્યાં થોડો નાસ્તો કર્યો. પછી ગાડી વડોદરા તરફ જવા માટે દોડવા લાગી. માર્ગમાં ગણેશપુરી શ્રી નિત્યાનંદ બાબાનું પવિત્ર તીર્થસ્થાન ફક્ત ૧૬ કિલોમીટર જ અંદરના માર્ગે હતું, જેથી ત્યાં પણ જવાનું બન્યું.

શ્રી નિત્યાનંદ બાબા ગણેશપુરીમાં વરસો સુધી રહ્યા. ત્યાં જ શરીર શાંત થયું. તે સ્થાનનાં દર્શન પણ કર્યાં. ૧૪ વર્ષની નાનકડી ઉમંરથી એક સાધુપુરુષ નિત્યાનંદ સાથે રહ્યા. આજે તેમની ઉમર ૬૦ વર્ષની છે. તેમણે પૂ. શ્રીને આગળ પડીને પ્રસાદ આપ્યો. તેમણે કહ્યું કે નિત્યાનંદ બાબા પાસે રહેવું તે તો અગ્નિની સાથે રહેવા જેવું હતું. એમને કોઇ શિષ્ય ન હતા.

પૂ. શ્રી ગણેશપુરીમાં મંદિરમાં તથા નિત્યાનંદ બાબા જ્યાં રહેતા તે સ્થાન તથા નિર્વાણસ્થાનમાં પણ આવ્યા. આ ગણેશ-પુરીની પૂ. શ્રીની ચોથી યાત્રા હતી.

અને મુક્તાનંદ બાબાનું ગુરુદેવ આશ્રમનું સ્થાન હતું તે તેમણે જોયું હતું. જેથી ન આવ્યા. પણ ત્યાં વળી ભાવનગરના એક ભાઈ પૂ. શ્રીને મળવા આવ્યા. તેમની સાથે પૂ. શ્રીએ વાતો કરી. તેમને શાંતિ મેળવવી હતી, તે માટે ઋષિકેશ પણ જઇ આવ્યા ને અહીં પણ આવ્યા. પણ અહીં પણ શાંતિ ન મળી. પૂ. શ્રીએ એ ભાઈની વાત સાંભળી કહ્યું ગૃહસ્થાશ્રમ જ શ્રેષ્ઠ છે. ત્યાં

જ થાય તેટલું સાધનભજન કરો. તે ભાઇએ પૂ. શ્રીને પ્રણામ કરી ૧૧ રૂ. ની ભેટ ધરી પૂ. શ્રીએ ખૂબ આગ્રહ કરીને ૧૦ રૂ. પાછા આપી દીધા. ફક્ત ૧ રૂ. લીધો. (અને તે ૧ રૂ. પણ પાછળથી એક સંન્યાસી મળ્યા તેમને આપી દીધો.)

ગણેશપુરીના દર્શન કરી. વજ્રેશ્વરીના દર્શન પણ કર્યાં. ગણેશ-પુરી જવાનો વિચાર થયો તો પૂ. શ્રીએ પરમશક્તિની ઇચ્છા જાણી લીધી. જેથી સૌના નિર્ણયમાં પૂ. શ્રીએ વિરોધ ન બતાવ્યો.

ગણેશપુરીથી ૪ વાગ્યે નીકળીને મુખ્યમાર્ગ પર આવી ગયા. શીરડી જવાની વાત વિચારવામાં આવી. ઘણું અંતર કપાઈ જાય એમ હતું. સૌની ઇચ્છા પણ હતી. પણ પરમશક્તિએ ના પાડી જેથી એ વિચાર ત્યાં જ બંધ રહ્યો.

૫ વાગ્યે માર્ગમાં ગાડી ઊભી રહી. મનોર ગામની પાસે ત્યાં સૌએ ઝાડના મોટાં સુંદર લીલા પાંદડામાં નાસ્તો કર્યો. પૂ. શ્રીએ પણ નાસ્તો લીધો. ફરી ગાડી ચાલી. રાત્રે ૧૨॥ વાગ્યે વડોદરા આવી ગયા.

માર્ગમાં પૂ. શ્રીનું પ્રવચન સર્વેશ્વરીના ભજનોની ટેપ સાંભળી થોડી બીજી વાતો પણ કરી.

પૂ. શ્રીએ વડોદરા આવી રાત્રે થોડું દૂધ લીધું પછી આરામ કર્યો. હરિઃ ૐ

તા. ૨૯-૭-૮૧, બુધવાર, આષાઢ વદ તેરશ શિવરાત્રી, ૨૦૩૭,
સ્થળ : વડોદરા ૫૫, અરુણોદય સોસાયટી, અલકાપુરી.

આજે પૂ. શ્રીએ થોડો વધારે આરામ કર્યો. છેક નવ વાગ્યે દૂધ લીધું પણ વ્યાયામ, માળા વિગેરે નિયમિત થયું. પછી આરામ જ કર્યો.

મુંબઇ જવા આવવાનો થાક, એકાદશીનો ઉપવાસ, અમેરીકન એમ્બેસીમાં પણ થોડું વધારે બેસવું પડયું. એ બધો સતત શ્રમ આજે આરામ માગતો હતો.

બપોરે ૧૨ વાગ્યે ભોજન લીધું. થોડા અગત્યના પત્રો પૂ. શ્રીએ લખાવ્યા, થોડા પત્રો સર્વેશ્વરીએ લખાવ્યા.

૨–૩૦ વાગ્યા પછી પૂ. શ્રીએ આરામ કર્યો પછી લગભગ એક કલાક લેખનકાર્ય કર્યું. સર્વેશ્વરીએ પણ નોંધ કરી લીધી.

પૂ. શ્રીએ આરામ કરતાં કરતાં કહ્યું હજારો માઇલ દૂર દૂર ચાલ્યા જઇશું ત્યાં કોણ! સુખદુઃખના સાથી તમે જ. માતાજી હતાં ત્યારે તે હતાં હવે તમે છો. બીજા બધા હોય પણ નજીકના તો કોણ હોય?

આજે શ્રીજીતુભાઇની નવી ગાડી આવી. જેથી તેમની ઇચ્છા પૂ. શ્રી એમાં બેસે ને ઉદ્‌ઘાટન કરે એવી હતી. પૂ. શ્રી કોઇની ઇચ્છા પૂર્ણ કરવા માટે જ કોઇ કાર્ય કરતા નથી. પરમશક્તિની ઇચ્છા જાણી ને જ દરેક કામ કરે છે.

એ રીતે પ્રેરણા મળી જેથી પૂ. શ્રી અને સર્વેશ્વરીને ગાડીમાં બેસાડી જીતુભાઇ ફરવા લઇ જાય છે. સુરસાગરના કિનારે હનુમાનજી, મહાદેવજી, અકલકોટના સ્વામીના સ્થાનમાં દર્શન પણ થાય છે.

બહાર ફરીને આવ્યા પછી ભોજન લઇ આરામ કરવામાં આવે છે. આરામ પહેલાં પૂ. શ્રી ધ્યાનમાં બેસે છે.

તા. ૩૦–૭–૮૧, ગુરુવાર, આષાઢ વદ ચૌદશ, ૨૦૩૭,

સ્થળ : વડોદરા.

સવારે બધાં જ કાર્યો સમયસર થાય છે. ભોજન બાદ પૂ. શ્રીએ બે પત્રો લખાવ્યા. વળી સર્વેશ્વરી કપૂરા ક્યારે જાય તે અંગે જગદંબાની ઇચ્છા જાણવા ડાયરીમાં સંદેશા લેખન થાય છે.

આજે જીતુભાઇની દીકરી કલ્પુનું પરીક્ષાનું પરિણામ હતું. એ અંગે પૂ. શ્રીએ ડાયરીમાં લખી લીધું. કારણ કલ્પુ ઉપર જ ઊભી હતી. ત્યાર પછી ડાયરી પૂ. શ્રીએ સર્વેશ્વરીને આપી ત્યાં કલ્પુ પ્રણામ કરવા આવે છે. કારણ એ પરિણામ લેવા શાળામાં જનાર હતી. પ્રણામ કરી કલ્પુ શાળામાં જાય છે. ત્યારે ૧૨–૩૦ વાગ્યા હતા.

કલ્પુ ૨–૦૦ વાગ્યે પરિણામ લઇ આવે છે. ઉપર પૂ. શ્રી હજી આવેલી ટપાલો વાંચતા ખુરશી ઉપર બેઠા છે. જેથી કલ્પુ પરિણામનો કાગળ પૂ. શ્રીના શ્રી ચરણે મૂકે છે. સર્વેશ્વરીને કલ્પુ પરિણામ જણાવે છે. તરત જ સર્વેશ્વરીએ પૂ. શ્રીનું ડાયરીનું લેખન કલ્પુને વંચાવ્યું જે ૧૨–૩૦ વાગ્યે લખ્યું હતું.

કલ્પુ પાસ થઇ જશે જ જરાયે ચિંતા નથી. આ વાક્ય સર્વેશ્વરીએ મોટેથી વાંચી સંભળાવ્યું. કલ્પુને ખૂબ નવાઇ લાગી. શ્રી જીતુભાઇ શ્રી કુન્દનબેન વગેરેને પણ એ વાંચી સંભળાવ્યું. સૌને આનંદ થયો.

સર્વેશ્વરી : કેવી શક્તિ જુઓને પહેલેથી જ લખી દીધું.

પૂ. શ્રી : અરે, એ શક્તિ મેળવવા તો લોહીના પાણી કરવાં પડયાં છે. કેટલા ઉપવાસો, કેટલા તપ થાય તો પ્રભુની કૃપા ઉતરી. અને ભૂતભાવિના પડદા એની કૃપાથી રહેતા નથી.

સૌ પ્રણામ કરી વિદાય થયા. હરિઃ ૐ.

(ક્રમશઃ)

પુણ્યતિથિની અનોખી ઉજવણી

નારાયણ હ. જાની

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની સોળમી પુણ્યતિથિ ૧૮ માર્ચ, ૨૦૦૦ આ વરસે અંબાજી ખાતે અનોખી રીતે ઉજવાઇ. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તા. ૧૭ માર્ચથી ૨૧ માર્ચ, ૨૦૦૦ સુધીની પાંચ દિવસીય મૌન સાધના શિબિર યોજી. આ વરસે જોગાનુ-જોગ એવો મેળ પડી ગયો કે પુણ્યતિથિની તારીખ અને હિન્દુ પંચાંગ પ્રમાણેની ધૂળેટીનો તહેવાર–(પૂ. શ્રીનો ભારતીય પંચાંગ પ્રમાણેનો નિર્વાણદિન) બંનેનો સમાવેશ આ શિબિરના દિવસોમાં આવરી લેવાયો.

શિબિરના લાભાર્થીઓ માટે પહેલેથી જ દિવસભરનો–બધા સાધકોની રુચિને આવરી લેતો એક સર્વગ્રાહી કાર્યક્રમ પૂ. માએ રજૂ કરી દીધો. તે દિવસો દરમ્યાન સાધકોએ લેવાના નિયમો આ પ્રમાણે હતાઃ–

વિશેષ નિયમોઃ–

૧. દરરોજ ૧૧/૨૫/૫૧/૧૦૮/૧૨૫ માળાનો નિયમ.

૨. દરરોજ ૫/૧૧/૨૫/૫૧/૧૦૮/૧૨૫ કુટિયાની પ્રદક્ષિણાનો નિયમ.

૩. દરરોજ ૫/૧૧/૨૫/૫૧ બાવની બોલવાનો નિયમ.

૪. દરરોજ ૫/૧૧/૨૫/૫૧/૧૦૮ આરતી બોલવાનો નિયમ.

૫. દરરોજ ૧/૨/૩ કલાક ધ્યાનમાં બેસવાનો નિયમ.

૬. દરરોજ ૧/૨/૩/૫/૮/૧૨ કલાક મૌનવ્રત કે ૧ દિવસ, ૨ દિવસ, ૩ દિવસ મૌનવ્રતનો નિયમ.

૭. દરરોજ ૧/૨/૩ કલાક વાંચવાનો નિયમ.

૮. દરરોજ ૧ કલાક મંત્રલેખન કે અન્ય ધાર્મિક લેખનનો નિયમ.

૯. દરરોજ ૧/૨/૩/૫/૧૧ કોઇપણ પાઠનું પારાયણ.

૧૦. દરરોજ નિયમ કરતા વધારાના પ્રણામ કરવાનો નિયમ.

નાના મોટા સૌ કોઇ નિયમ લે, એવી પ્રાર્થના. પોતે જ પોતાના ચોકીદાર બનીને જેટલા નિયમો જેવા નિયમો પાળવાની શક્તિ હોય તેટલા જ ને તેવા નિયમો લે, ને પાળી બતાવે.

કુલ ૨૩૧ વ્યક્તિએ નિયમો લીધા.

પૂ. માની ધારણા એવી હતી કે પરીક્ષાના દિવસો છે એટલે સાધકો ઓછી સંખ્યામાં આવશે. પરંતુ એ અનુમાન બરાબર ન ઠર્યું. સાધક ભાઇબહેનો શરૂના દિવસોથી જ અઢીસો જેટલા ગુજ-રાતનાં બધાં જ કેન્દ્રોમાંથી આવી ગયા. અને શરૂથી જ સહુએ નિયમો લઇ તેની લેખિત જાણ સંચાલક શ્રી અજય કલોલાને કરી દીધી. વત્તાઓછા દિવસો માટે કુલ ૪૨૫ જેટલા સાધકોએ ભાગ લીધો.

આગલી શિબિરની જેમ પૂ. માએ આ શિબિરમાં પણ મૌન જાળવવા ઉપર ખાસ ભાર મૂક્યો. વ્યક્તિગત સાધના માટે દિવસ દરમ્યાન પાંચ કલાક ફાળવ્યા. તો સાધકો શિબિરમાં જોડાયા પછી કોઇ પ્રકારના પ્રમાદનો ભોગ ન બને તે માટે સવારની બાવની-ઓના–ગાન સાથેની પ્રભાતફેરી બપોરના અઢી વાગ્યાની મંત્ર-ગાન ફેરી અને રાત્રે સાડા આઠ વાગ્યાની ધૂનનો કાર્યક્રમ રાખ્યો.

સવારે સાડા છની પ્રભાતફેરી, પછી પૂ. પ્રભુને સમૂહમાં પ્રણામો કરવાના કાર્યક્રમમાં જોડાતાં અને નાના મોટા સહુ સાધકો પૂ. માની ઉપસ્થિતિમાં ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લેતા. પૂ. મા રોજ ૨૦૦ પ્રણામ કરતાં. તો નાના બાળકો પણ તે કરવા લાગી જતાં. આ જોઇ પૂ. માને ખૂબ આનંદ થતો. તેઓ બાળકોને પ્રોત્સાહિત કરવા કેન્ડી અને બીસ્કીટના પડીકાંની ભેટ ખૂબ મોટા પ્રમાણમાં ધરતાં—તો કદીક મોટાંઓને પણ આવી ભેટો ધરીને પોતાના વિશાળ વાત્સલ્યભાવનો પરિચય કરાવતાં. નાની દિશા, સુકૃતિ, સૃષ્ટિ ને શિવમ્ વગેરેના ધૂન અને મંત્રગાનથી પૂ. માની પ્રસન્નતા-માં ઓર વધારો થઇ જતો.

પૂ. શ્રીના પ્રવચનનો ખાસ કાર્યક્રમ દોઢેક કલાકનો રહેતો. પૂ. મા પણ તેમાં હાજરી આપતાં. ભક્તિયોગ ઉપરનાં એ પ્રવચનોમાં પૂ. શ્રીએ એ વાત પર ખાસ ભાર મૂક્યો છે કે પ્રભુ સાથે જોડાણ કરાવે તે જ સાચી ભક્તિ. પ્રભુ માટે પ્રેમ જાગ્યા સિવાય ભક્તિ—એ ભક્તિયોગ બની શકે નહિ.

સાધના માટે યોગ્ય માત્રામાં આહાર લેવો ખૂબ જરૂરી છે. એટલે શિબિરમાં જોડાનાર સાધક ભાઇબહેનોએ સવારે દૂધ, બપોરે બટાટા—પૌવા અને સાંજે ખીચડી, કઢી ને શાક આપવામાં આવતાં. આ માટે ભોજન પેટે માત્ર રોજના ૧૫, અને રહેવા પેટે રૂા. ૧૦ લેવાતા. સામાન્યમાં સામાન્ય માણસને પણ પોસાઇ શકે એવું પૂ. માનું આ આયોજન હતું. આવું હળવું ભોજન સાધનામાં મદદરૂપ થતું. તેને લીધે ઘણા બધા સાધકો શારીરિક હળવાશ અનુભવી—વહેલી સવારથી સાધનભજનમાં મૌન રાખી લાગી જતા. તેથી વાતાવરણ અદ્‌ભુત અને દિવ્ય લાગતું.

નવા કાર્યક્રમ

તા. ૧૮ મીના રોજ ૩ મહત્ત્વના કાર્યક્રમો પૂ. માએ પ્રયોજ્યા. પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ રચેલ સરળ ગીતાના—અધ્યાય ૨, ૬, ૧૨ અને ૧૫ ના ગાનની એક નવી કેસેટ પૂ. માએ આજે પ્રથમ સાધકોને સંભળાવી—વેચાણમાં મૂકાવી. આ કેસેટને જાણીતા ગાયક શ્રી આસિત દેસાઇ અને હેમા દેસાઇએ સ્વરબદ્ધ કરી છે. દૈનિક જીવનમાં ખૂબ ઉપયોગી એવા ગીતાના આ અધ્યાયોનું શ્રવણ—સાધકને પ્રેરક અને પોષક બની શકે એમ છે. એટલે જ પૂ. માએ તેમની પસંદગી કરી છે. વળી સરળ ગુજરાતી ભાષામાં હોવાથી ઓછું ભણેલા પણ તે સમજી શકે તેમ છે.

પૂ. માએ પોતાની 'દશરથાચલની યાત્રા'ના—શ્રી કલ્યાણની અને બીજાઓની ભાવવાહી કલમે આલેખાયેલા "પાગલના પગલે" પુસ્તકનું વિમોચન પણ કર્યું. ખૂબ જ સુંદર છપાઇવાળા અને અનેક વિરલ તસ્વીરોથી વિભૂષિત આ ગ્રંથ શ્રદ્ધાળુ વાંચકો માટે પ્રેરણાસ્પદ બની રહેશે. આમાં પૂ. માની દૈવી લીલાના અનેક પ્રસંગો અક્ષરદેહ પામ્યા છે તો પૂ. મા ભલે મનુષ્ય શરીરધારી હોય છતાં તેઓની દેહાતીત દિવ્યદશાનું દર્શન કરાવતી ઘટનાઓ સહપ્રવાસીઓએ પ્રત્યક્ષ નીરખી છે. બુદ્ધિવાદી યુવાનોને પૂ. માએ અદ્‌ભુત તપ, તિતિક્ષા અને સમર્પણ કે શરણાગતિ કેવાં હોય તે દેખાડી—તેમને શ્રદ્ધાના શિખરે પહોંચાડયા છે. ચાર દિવસની આ અદ્‌ભુત યાત્રા વિડિયોમાં શ્રી અજય કલોલાએ કંડારી છે તો તેને અક્ષરદેહ આપ્યો છે (શ્રી ગોરધનભાઇ કલોલા) શ્રી કલ્યાણે. આ પુસ્તકના વેચાણ સાથે ભાઇ શ્રી દીપકભાઇ મહેતાએ પૂ. માનાં ચરણોની વિરલ તસ્વીર અને સાધકોને જપ કરવામાં મદદરૂપ થાય તેવી ગૌમુખી પણ એક બેન તરફથી મૂકવામાં આવી હતી.

'પાગલના પલે'ની વિશેષતા દર્શાવતાં વક્તવ્યો શ્રી પંડિતજી, શ્રી બાપજી અને શ્રી કલ્યાણે આપ્યાં હતાં. આ બધી લીલાઓની ખૂબ કાળજીપૂર્વક નોંધ કરી, ભાવપૂર્વક રજૂઆત કરી સાધકો સુધી પહોંચાડવાની શ્રી કલ્યાણની સુંદર કામગીરીને શ્રી નારાયણભાઇ જાનીએ બીરદાવી હતી.

પૂ. શ્રીના નિર્વાણદિન નિમિત્તે પૂ. માએ એક મોટા સત્કર્મનું આયોજન પણ કર્યું. અંબાજી ગામની આસપાસના વિસ્તારોમાં રહેતા અતિગરીબ ને અસહાય આદિવાસી લોકોની પૂ. માએ સર્વમંગલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી રાજુભાઇ જાની અને શ્રી રેવાશંકર પુરોહિત મારફતે તપાસ કરાવી. આ કાર્યમાં ડૉ. બી. કે. જાગાણી અને કુંભારિયાના ઉપસરપંચ શ્રી નાથુજીની મદદ લઇ ૮૦ ઉપર કુટુમ્બોને તારવી લીધાં–પૂ. માએ દરેકને ૫૦ કિલો ઘઉં અને ૫ કિલો મગની દાળ–શ્રી શાંતિભાઇ કનેરિયાના હસ્તે વહેંચાવ્યાં. પૂ. માની આવી અનુકંપા પામી તેઓ ખરે જ ભાવવિભોર બન્યા. આમ કરી પૂ. માએ સત્કર્મનો એક નવો રાહ પણ ચીંધ્યો. પૂ. માને મન તો હર મનુષ્ય પછી તે જેવો હોય તેવો–વાત્સલ્યપાત્ર લાગે છે. એટલે જ તો તેઓ જગજનનીનું બીરૂદ પામ્યાં છે.

સ્વર્ગારોહણમાં ગરીબોને અનાજ આપવામાં આવી રહ્યું છે. તે વાત ઝડપથી ફેલાઇ જતાં, આસપાસની બીજી ૭૦–૮૦ બહેનો પણ અનાજ માગવા આવી ચઢી. તેઓને પણ દરેકને ૧૦ કિલો જેટલા ઘઉં આપી વિદાય કર્યાં. આપવાનો પણ એક આનંદ હોય છે, તેનો અનુભવ પૂ. માએ સાધકોને આ રીતે કરાવ્યો.

પૂ. માનો એ સ્વભાવ રહ્યો છે કે તેઓ નાનામોટા સહુમાં

રહેલ સર્જકતાને (Creativity) પ્રોત્સાહિત કરતાં જ રહે. અમદાવાદથી આવેલ, સંસ્કૃત ભારતીના સંસ્કૃતના વ્યાખ્યાતા શ્રી પ્રચેતાબેન તેના બે શિષ્યોને લઇને આવેલ. તેઓએ સંસ્કૃત ભાષામાં ભારતની એકતા અને શ્રી આદ્યશંકરાચાર્ય ભગવાનના પ્રસંગો સંસ્કૃત સંવેદોમાં સરળ રીતે રજૂ કર્યાં. તો બેન બીજલ ભટ્ટ અને ડૉ. જીજ્ઞા ભટ્ટ–રંગલો–રંગલીના વેશમાં પૂ. માની શિબિરની વિશેષતાઓ લોકભોગ્ય કલાના માધ્યમદ્વારા સુંદર રીતે રજૂ કરી. તેઓ બંનેનો આ વેશમાંનો અભિનય એટલો તો સ્વાભાવિક અને મુક્ત હતો કે કોઇને કલ્પના પણ ના આવે કે આ કોઇ ઉચ્ચ અંગ્રેજી શિક્ષણ પામેલી બહેનો છે. હિરણ્યકશિપુના પ્રસંગોમાં પ્રહ્લાદના પાત્રમાં સાવ નાની ચિ. દિશાનો અભિનય જોઇ સહુ મંત્રમુગ્ધ બની ગયા. તો પૂ. માએ તે નાની બાળકીને ભેટોથી નવાજી દીધી.

શ્રી સંજય પંડયા અને બીજા કેટલાક યુવાન સાધકોએ ભજવેલા નાટયાત્મક પ્રસંગો પણ મનોરંજક પૂરવાર થયા.

પૂ. માની જીવનની કલ્પનામાં કદી શુષ્કતા ના આવે. પૂ. માને નિર્દોષ આનંદ જ્યાંથી પણ મળે ત્યાંથી લેવાની વાતનો સ્વીકાર છે. તો બીજી બાજુ જીવનની હર ક્ષણનો જાગૃતિપૂર્વક ઉપયોગ કરી, આત્મિક કલ્યાણના માર્ગે આગળ વધતા રહેવું જોઇએ. "જાગતે રહો ને પોતે જ પોતાના ચોકીદાર બની આત્મનિરીક્ષણ કરતા રહો." એ વાત ઉપર પૂ. મા ભાર મૂકતાં જ રહે છે.

પૂ. માના જીવનમાં સાધકોએ જોયું કે સતત પ્રવૃત્તિ વચ્ચે પણ પૂ. મા તદ્દન અલિપ્ત રહી શકે છે. "દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત" શ્રીમદ્‌નું આ વિધાન પૂ. માના જીવનમાં પ્રત્યક્ષ પ્રકટેલું દેખાય છે. વળી પ્રસન્નતા તેઓના જીવનનો એક સાહજીક ભાગ બની ગયેલો દેખાય છે. તેઓ હરક્ષણે પ્રસન્નચિત્ત જણાય છે.

પોતાના નિયમોના પાલનમાં તેઓ ખૂબ ચુસ્ત છે. રાત્રે ગમે તેટલો સમય થાય તોપણ પોતાની નિર્ધારિત માળાઓ પૂરી કર્યા વિના પૂ. મા કદી સૂતાં નથી. શિબિર દરમ્યાન પૂ. માએ રોજની ૪૦૦ માળાઓનો સંકલ્પ કરેલો ને તે સંપૂર્ણ રીતે પૂર્ણ પણ કર્યો. તેમ કરતાં કદીક સવારના ચાર પણ થઇ જતા—પરંતુ પૂ. માના વદન ઉપર કદી કંટાળો કે થાક જણાતાં નહિ.

પૂ. મા રોજ રાતે સાધકોને અચૂક પૂછતાં કે કોના કોના સંકલ્પો પૂરા થયા છે. અને જ્યારે તેઓને જાણ થતી કે લગભગ બધા જ સાધકો પોતાના સાધનાના સંકલ્પો પૂરા કરવામાં સફળ રહ્યા છે, ત્યારે પૂ. માને ખૂબ આનંદ થતો.

શિબિરમાંથી ઘરે જઇને પણ સહુ થોડું ઘણું સાધનાત્મક જીવન અપનાવે એવી પૂ. માની અપેક્ષા રહી છે.

સ્વર્ગારોહણને પોતાની સંપત્તિ અને શક્તિથી સાધકો માટે સુવ્યવસ્થિત બનાવનાર શ્રી કનેરિયા પરિવાર માટે પ્રભુને પ્રાર્થના કરવા સાધકોને પૂ. માએ ખાસ અનુરોધ કર્યો હતો. શ્રી શાન્તિભાઇની સાદાઇ ને નિરાભિમાનતા તેમ જ પૂ. મા—પ્રભુમાંની નિષ્ઠાને પૂ. માએ ખૂબ બીરદાવી.

આ શિબિરમાં પૂ. માના કેનેડાના યજમાન શ્રી સુરેશભાઇ શાહે—પૂ. શ્રીના જીવનના પ્રસંગો ખૂબ રોચક શૈલીમાં રજૂ કર્યા હતા તેમ જ પૂ. માના વિદેશની ધરતીપરના કાર્યનો પરિચય આપ્યો હતો.

કેનેડાનાં સાધક શ્રીમતી ગીતાબેન લાડે પણ પૂ. માની સર્વ-સમર્થતા ને અલૌકિક લીલા પ્રસંગો વર્ણવી, તેઓના પરિવાર માટે પૂ. માએ કેવી સહાય પહોંચાડી છે. તે વિગતે જણાવ્યું હતું.

પાણીની ખૂબ તંગી વચ્ચે પણ મેનેજર શ્રી મોહનભાઇ પટેલ અને બીજાઓએ પાંચ દિવસ રાતભર જાગીને જે સરસ મૂકસેવા આપી, તે ખરે જ અભિનંદનીય બની રહી. તેઓની આવી સેવા વિના સાધકોને પાણી અંગે ઘણી તકલીફ વેઠવી પડત.

રસોડાની સરસ સેવા શ્રી રેવાશંકરભાઇ પુરોહિતે સાથીઓ સાથે બજાવી. ગમે તેવા કસમયે પણ આવી પહોંચતા સાધકોને પણ તેઓએ ભૂખ્યા ના રાખ્યા.

પૂ. માની આવી સાધના શિબિર એટલે જીવન ઘડતરની પાઠશાળઆ ને પૂ. મા પોતે સ્વયં એક જીવંત તીર્થ. જેમના સાન્નિધ્યમાં સહજ શાન્તિ, પ્રેમ, સુખ અને આનંદનો જ અનુભવ થતો રહે. કોઇ ભાગ્યશાળીઓ જ આવો લહાવો પામે એ પણ પ્રભુની એક લીલા કહેવાયને?

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત—૩૯૫ ૦૦૭

ફોન : ૨૨૮૨૩૧

લક્ષ્મણઝૂલાથી દેવપ્રયાગની પદયાત્રા

(ભાગ–૨ માર્ચ, ૨૦૦૦ થી આગળ) કલ્યાણ

મનની ભૂમિકાને તપાસવાનો પુષ્કળ સમય આ પદયાત્રાદ્વારા પૂ. શ્રી માએ આપ્યો છે. મન માતૃસ્મરણમાં રહ્યું કે પછી બીજે ફર્યું તેની તટસ્થ મૂલવણી કરવાની અમૂલ્ય તક આ યાત્રામાં પૂ. શ્રી માએ આપી છે. આર્યનિવાસના આ વખતના સત્સંગનું મુખ્યસૂત્ર પૂ. શ્રી માએ આપ્યું છે, 'સૌ પોતાના ચોકીદાર બને.' આપણા મનનાં સાચા ચોકીદાર બનીને મનની રક્ષા કરી છે કે કેમ, તેનું પરિણામ જોવાની તક પૂ. શ્રી માએ આ યાત્રાદ્વારા આપી છે. એક સાથે પાંચસો પાંચસો પ્રણામો કરાવે ત્યારે એમ થાય છે કે આ મા તે કેવાં? એવું થાય છે કે આટલી ઠંડીમાં બપોરના આરામના સમયે ફરવા લઇ જાય અને દોડાવે પણ ખરાં તો તે વળી કઇ જાતની સાધના? મનના છાના ખૂણે પણ એમ થાય છે કે આટલી ઠંડીમાં પણ પગ દુખાડવાની પદયાત્રા શા માટે કરાવતાં હશે? આવો કંઇ કંટાળો કે અજંપો મનને પજવી જાય છે ખરો? કે પછી એમ થાય છે કે આ પ્રણામો અને પદયાત્રા તો માતૃવાત્સલ્ય માણવાની મહેફિલો છે? પૂ. શ્રી માને પ્રેમ કરવાની આવી સુંદર તકો પાછી ક્યારે આવે, માટે મન મૂકીને પ્રણામો કરીને, પૂ. શ્રી માની આજ્ઞાઓ પાળીને પૂ. શ્રી માનો પ્રેમ પ્રાપ્ત કરી લઇએ!

જેમને પૂ. શ્રી માના પ્રકટ સ્વરૂપનો મહિમા સમજાઇ ગયો છે અને જેમણે પૂ. શ્રી માના પાવન શ્રી ચરણોમાં સમર્પણ કર્યું

છે અને આ જીવન ન્યોછાવર કરીને એ પરમ માતાના પાવન શ્રી ચરણોમાં સ્થાન પામી લેવું છે, તેવા બાળકોની વાત જુદી છે. તેમ છતાં તેમના પ્રેમ અને ધીરજની કસોટી પણ તલવારની ધારપર ચાલીને આપવી જ પડે છે. મનના છાના ખૂણે માતૃઆજ્ઞાનો અનાદર ક્યારેક એક ક્ષણના વિચારમાં પણ પ્રકટી જાય તો એ મનની એ ચોકીદારી પરમપ્રેમની તાવણીમાં ખરી પાર ઉતરી નથી તે નર્યું સત્ય જ છે. તેનો બચાવ કોઇ પણ સંજોગોમાં થઇ શકે નહીં.

પૂ. શ્રી માનું જીવન આવા એક એક વિચારની કડક ચોકી-દારીની સાક્ષી પૂરી રહ્યું છે. પ્રભુપ્રેમના પ્રેમાંશની પણ અધુરપ ક્યારેય એ અંતઃકરણમાં પ્રકટી નથી!

પહેલા દિવસની પદયાત્રા સ્ફૂર્તિલા શરીરે, હિમગિરિની ઠંડી લહેરીઓ વચ્ચે ઉમંગભેર ચાલી રહી છે. પગ દેવપ્રયાગની ધ્યેય દિશામાં અને મન માતૃસ્મરણની મસ્તીમાં નિષ્ઠાપૂર્વક લાગેલાં છે. યુવાન છોકરાઓનો ઉત્સાહ તો ઉડતા પંખી જેવો છે! ચાલતાં ચાલતાં દશ વાગ્યે ગંગાસ્નાન માટેનું સ્થાન આવ્યું છે. સૌ ગંગા-સ્નાન માટે પગથિયાં ઉતરીને ગંગાતટપર જાય છે. સૂર્યના હુંફાળા તાપમાં ગંગાસ્નાનનો આનંદ માણે છે. થોડો વિશ્રામ કરીને વળી સૌ ધ્યેયની દિશામાં પગલાં ઉપાડે છે.

આજનું પ્રથમ રાત્રિરોકાણ વીસ કિલોમીટરના અંતરે આવેલું બ્યાસીગામ છે. હવે શરીરે થાક વર્તાય છે, પરંતુ હિમાલય અને ગંગાજીના મનોરમ્ય દર્શને તથા સત્સંગ પ્રસંગોમાં થાકની સ્મૃતિ વિસરાઇ જાય છે. હિમાલયના પર્વતો અને વૃક્ષાદિથી ગંગાતટ એટલો તો સોહામણો લાગે કે પદયાત્રાના થાકને ભૂલાવીને મનને

આનંદયાત્રાએ લઇ જાય છે. શ્રી ગંગાજી અને પર્વતોની વન-રાજિની મનોરમ્ય શોભાનું સાતત્ય અહીં એવું તો અખંડ છે કે મનને આ દિવ્યયાત્રા છોડીને ક્યાંય જવાનું ગમતું નથી. અહીં યાત્રાનો જાણે ત્રિવેણી સંગમ છે! પદયાત્રા તો ચાલી જ રહી છે, અને આ પદયાત્રાને લીધે જ હિમાલય અને શ્રી ગંગાજીના સાત્ત્વિક સૌંદર્ય દર્શનયાત્રા પણ સહજ બની છે, તો સાથે સાથે આ સૃષ્ટિના શાસનકર્તા અને આ દેવપ્રયાગની પદયાત્રાનું સતકર્મ કરાવનાર પૂ. શ્રી માની પરમ મહિમાવંતી સ્મરણયાત્રા તો સતત ચાલી જ રહી છે. આ ત્રણેય યાત્રાઓનું સૌભાગ્ય ધરીને પૂ. શ્રી માએ બાળકોને ધન્ય ધન્ય કરી દીધા છે. આ પદયાત્રાને નિમિત્ત બનાવીને પૂ. શ્રી મા બાળકોના આત્મશ્રેયાર્થે ઉર્ધ્વયાત્રા કરાવી રહ્યાં છે.

પહાડોમાં હવે સંધ્યાની રંગોળી પૂરાઇ રહી છે. બ્યાસી હવે પાંચ કિલોમીટર જ દૂર રહ્યું છે. યુવાન છોકરાઓ તો ક્યારનાય પહોંચી ગયા છે. શરીરને થાક અવશ્ય લાગ્યો છે પણ સ્મરણ-યાત્રા એવી ને એવી ચાલી રહી છે. આ અનુભૂતિ માટે તો પૂ. શ્રી માએ આ યાત્રાનું આયોજન કર્યું છે. શરીરનો વિશ્રામ આરામ છે, તો મનનો વિશ્રામ સ્મરણ છે. તે આ યાત્રામાં પગલે પગલે અનુભવાયું. પગ પોતાની દિશામાં ચાલ્યા છે તો મન પણ પોતાની પાવન માતૃસ્મરણયાત્રાની દિશામાં ચાલ્યું છે. શરીર અને મને આજે પોતપોતાનું નિશ્ચિત ધ્યેય પ્રાપ્ત કર્યું છે. બ્યાસીના બસસ્ટેન્ડ પર પહોંચ્યા ત્યારે બંને ધ્યેય પ્રાપ્તિનો આનંદ છોકરાઓના મુખ-પર મલકાતો હતો! પ્રથમ દિવસનું ધ્યેય પૂ. શ્રી માની કૃપાથી નિર્વિઘ્ને પાર પડયું.

આજે વીસ કિલોમીટર ચાલીને બ્યાસી તો પહોંચ્યા, પરંતુ આટઆટલી કડકડતી ઠંડીમાં રાતવાસાનું શું? આસપાસની હોટેલવાળાને પૂછી જોયું, પરંતુ કોઇએ તૈયારી ન બતાવી. તેમની પાસે અલપત્ત ઉતારા માટેના જુદા રૂમો હતા જ નહીં. ઘડીભર તો એમ થયું કે ખુલ્લામાં જ રાતવાસો કરવો પડશે કે શું? બધાએ પોતપોતાની રીતે પ્રયાસો કરી જોયા પણ ક્યાંય સફળતા મળી નહીં. છેવટે પૂ. શ્રી માએ કૃપા કરી. કરુણાળુ, દયાળુ પરમમાતા પોતાના બાળકોને ઠંડીમાં ધ્રૂજતા તો કેમ જોઇ શકે? છેવટે એક હોટેલવાળાને પૂ. શ્રી માએ પ્રેરણા કરી. જે હોટેલવાળો પહેલાં ના પાડતો હતો તેણે જ પોતાના જંગલખાતાના ચોકીદાર મિત્રને વાત કરી જંગલખાતાના રેસ્ટહાઉસમાં રહેવાની વ્યવસ્થા કરી આપી!

કેવી કૃપા! ઘડી પહેલાં ખુલ્લામાં જાગીને રાતવાસો કરવાની તૈયારી કરતા હતા, ત્યાં ઘડીમાં જ સરસ સુવિધાવાળો વિશાળ ઓરડો મળી ગયો! કોણે અપાવ્યો? પૂ. શ્રી માએ જ! પૂ. શ્રી મા માટે શું અશક્ય છે? ટીહરીની યાત્રા વખતે પૂ. શ્રી માટે જગદંબા-એ આખું ગામ વસાવ્યું! તે માએ જ. જગદંબાએ છેલ્લી ક્ષણે પોતાના બાળકો માટે અશક્યને શક્ય બનાવ્યું! ઘડીભરમાં જંગલ-માં મંગલ કરી દીધું! પૂ. શ્રી માની કૃપાથી સૌ નિશ્ચિંત બન્યા.

રાત્રે સમૂહપ્રાર્થના થઇ. જેમને આજના પ્રણામો બાકી હતા તેમણે પ્રણામો કર્યાં. કેટલાંકે તો ગંગાસ્નાન વખતે જ પ્રણામો કરી લીધા હતા. આટલા થાક વચ્ચે પણ શ્રી બાપજી શ્રી મધુભાઇ, શ્રી દીપકકુમાર, શ્રી વિજયભાઇ વગેરે સાધકો નિષ્ઠાપૂર્વક પ્રણામ-ના નિયમને વળગી રહ્યા. તેઓની પ્રણામનિષ્ઠા સૌને માટે પ્રેરણા-દાયી રહી!

આ યાત્રામાં યુવાન બાળકોની સેવા ખરેખર પ્રશંસનીય હતી, ખાસ કરીને શ્રી હેમલ અને શ્રી સ્નેહલે જરૂરિયાતવાળાને સારી રીતે માલીસ કરી આપીને થાકને લીધે પગમાં થતાં દુખાવામાં રાહત કરી દીધી!

પદયાત્રાનો પ્રથમ દિવસ હતો એટલે સૌને થાક પુષ્કળ હતો. સુવિધાવાળો ઉતારો હોવા છતાં ઠંડી એટલી તો ભારે હતી કે બંધ ઓરડામાં પણ સૌ ઠંડીથી સલામત ન હતા! ઠંડી વચ્ચે ઘડીક સૂતા તો ઘડીક જાગતાં આરામ કર્યો! બહુ ઠંડીને લીધે સ્વસ્થપણે ઊંઘ કે આરામ ન થયાં. તેમ છતાં સૌના શરીરમાં સ્ફૂર્તિ હતાં, મનમાં આનંદ હતો. ક્યાંય ફરિયાદનો સૂર ન હતો.

અસહ્ય થાક અને કડકડતી ઠંડી વચ્ચે પ્રથમ રાત્રે પૂ. શ્રી માની કૃપાથી પ્રાપ્ત થયેલા સલામતીભર્યા આવાસમાં પણ ઠંડીને લીધે જાગતાં જાગતાં પણ મનને તપાસવાનો અવસર મળ્યો! મનને પૂછી જોયું કે આટલી ભયંકર ઠંડી અને પુષ્કળ થાક વચ્ચે પૂ. શ્રી મા પ્રતિ કોઇ ફરિયાદ છે? કારણ કે આ પદયાત્રા પૂ. શ્રી માની આજ્ઞાથી જ થતી હતી. થાક અને ઠંડીનો અનુભવ કરતા શરીરમાં મનની સ્થિતિ શું છે? એમ થાય છે કે આવી પરિસ્થિતિમાં મા તમે અમને ક્યાં પદયાત્રા કરવા મોકલ્યા? આ કરતા પદયાત્રામાં ન આવ્યા હોત તો સારું હતું, એવો કોઇ પસ્તાવો મનનાં છાને ખૂણે પણ થાય છે?

પૂ. શ્રી માનાં શ્રી ચરણોમાં જે બાળકોએ શ્રદ્ધા વિશ્વાસ વ્યક્ત કર્યા છે તેની શ્રદ્ધા અને વિશ્વાસની કસોટી આ યાત્રામાં થઇ છે. પ્રથમ દિવસે જ ભારે કસોટી થઇ, છતાં શ્રદ્ધાભક્તિમાં ક્યાંય ઓટ આવી નથી! ઠંડીને થાક વચ્ચે પણ પૂ. શ્રી માનું સ્મરણ કરવાનો સૌને આનંદ છે. પૂ. શ્રી માના પરમ વાત્સલ્યથી

સૌ ઊભરાતા રહ્યા છે. પૂ. શ્રી માની આજ્ઞા પાળવાનો અપૂર્વ ઉમંગ સૌના અંતરમાં છે. પૂ. શ્રી માના પરમપ્રેમનો આ વિજય છે. યાત્રાની મુશ્કેલીઓ વેઠીને પણ જો પૂ. શ્રી માનો પ્રેમ પ્રબળ થતો હોય તો તેનો સૌને આનંદ છે.

પ્રથમ દિવસની યાત્રાની મુશ્કેલીઓ વચ્ચે પણ મન અપૂર્વ શ્રદ્ધાભક્તિથી સંપન્ન રહ્યું એટલું જ નહીં, પરંતુ નૂતન શ્રદ્ધાભક્તિથી સમૃદ્ધ થયું. મનને એક નવો જુસ્સો અને જોમ પ્રાપ્ત થયાં કે વધુને વધુ જો પૂ. શ્રી માની પ્રેમદૃષ્ટિથી સંપન્ન થવાતું હોય તો પૂ. શ્રી માના ગમતાં કામ કર્યાં જ કરીએ. પછી પૂ. શ્રી માની આજ્ઞા પદયાત્રા કરવાની હોય કે કોઇ સેવા કરવાની હોય પણ કોઇ પણ ભોગે આજ્ઞા તો પાળવી જ!

આ યાત્રામાં પૂ. શ્રી મા પોતાના બાળકોને મનની આ તાલીમ આપી રહ્યાં છે. શ્રદ્ધાભક્તિના સંસ્કારોને એવા તો દૃઢ કરી રહ્યાં છે કે ગમે તેવા મુશ્કેલ સંજોગો વચ્ચે પણ ભાવની ભરતીમાં ક્યારેય ઓટ ના આવે! મુશ્કેલીઓ વચ્ચે પણ મન એકધારું પ્રભુપંથે ગતિ કરતું રહે.

બીજા દિવસની સવારે પૂ. શ્રી માની કૃપાથી નવી શ્રદ્ધાભક્તિ અને સ્ફૂર્તિથી સંપન્ન થઇને પૂ. શ્રી માનું પરમ સ્મરણ કરતાં કરતાં પદયાત્રી બાળકો દેવપ્રયાગની દિશામાં આગળ વધવા લાગ્યા. આજની યાત્રામાં મન વધુને વધુ અંતર્મુખ થતું અનુભવાયું. બાહ્ય સૌંદર્ય તરફ મનને વધુ વહેંચવાનું ગમ્યું નહીં. માતૃસ્વરૂપમાં પરમપ્રેમનો એવો તો અખૂટ ખજાનો મળી ગયો છે કે એ પ્રેમની સમૃદ્ધિ પાસે બીજું બધું અપૂરતું લાગે છે.

આજની યાત્રા સ્મરણયાત્રા બની ગઇ! એકાંત સ્થળ હોય,

અપાર શાંતિ હોય, પદયાત્રા નિમિત્તે પુષ્કળ સમય હોય ત્યારે શું યાદ આવે? અંતરમાં જેમના માટે અખૂટ પ્રેમ પ્રકટી ગયો હોય, જેમના પ્રબળપ્રેમે અંતરનો કબજો લઇ લીધો હોય તે જ યાદ આવે ને?

એકતાનમાં જીવન મારું બની જાય તન્મય રઢિયાળું,
રોમરોમમાં દિવ્ય તમારું સ્વરૂપ જાગે તે જ નિહાળું.

પગલું આગળ ઉપડે છે અને અંતરમાં 'ૐ મા'નો જયઘોષ સહજ ઊઠયા કરે છે. ખરેખર, પૂ. શ્રી માના પરમ વાત્સલ્યે મનને એવું તો વાળી લીધું છે કે તેને હવે બીજે ક્યાંય વળવાની ઇચ્છા થતી નથી. એ માતૃદર્શનમાં જેમણે દર્શનની દિવ્યતા કૃપા-થકી પામી લીધી છે તેની અંતરવીણામાંથી 'ૐ મા' સિવાય બીજો શું ધ્વનિ જાગે!

અત્યારે ચાલતાં ચાલતાં માતૃસ્મરણમાં મન ડૂબેલું છે. સવાર-નો સ્ફૂર્તિલો સમય છે. પૂ. શ્રી માની કૃપાથી શરીરમાં પણ એવું જ જોમ અને ઉમંગ છે. સ્મરણ કરતાં કરતાં સૌ પોતપોતાની મસ્તીમાં ચાલી રહ્યા છે. સાતેક કિલોમીટર ચાલતાં કુડિયાલાગામ પાસે સૌ આજનું ગંગાસ્નાન કરે છે. વિશ્રામ કરી, પૂ. શ્રી માએ આપેલું ગોળ ચણાનું ભાથું, સૌ પ્રેમપૂર્વક આરોગે છે.

અગાઉ મળેલી માહિતી મુજબ અહીંથી શરૂ થતાં શોર્ટકટ—ટૂંકા રસ્તે ચાલવાથી પાંચેક કિલોમીટરનો ફાયદો થતો હતો. તેથી તે ટૂંકા રસ્તે ચાલવાનું સૌએ નક્કી કર્યું. એક પંદરેક વર્ષના કિશોરને ગાઇડ તરીકે સાથે લીધો. સામેજ ઊંચો પહાડ દેખાતો હતો તેને ઓળંગીને જવાનું હતું. સૌ ગાઇડની પાછળ જંગલ વચ્ચે ચાલી રહ્યા હતા. કેડીની બંને બાજુ ગીચ જાડી હતી. વચ્ચે

બે કેડી આવતાં ગાઇડ ભૂલો પડયો અને અમે પણ ભરજંગલમાં ભૂલા પડયા! છેક દૂર સુધી ચાલ્યા પછી ગાઇડ પાછો વળ્યો, અમારી પાસે પણ પાછા વળવા સિવાય બીજો વિકલ્પ ન હતો. એકદમ સીધું ચઢાણ ચડી ઉતરીને સૌ થાકી ગયા. વળી મૂળ રસ્તે આવીને આગળ ચઢવા લાગ્યા. વળી બે કેડી ફરી આવી! ગભરાયેલો ગાઇડ બીજી વખત ભૂલો પડયો. અમે છેક પર્વતની ટોચ પર પહોંચવાની અણિપર હતા, ત્યાં રસ્તો ભૂલવાથી ભર જંગલમાં અટવાઇ પડયા. જાણે જંગલમાં સંતાકૂકડી રમતાં હોઇએ એવી અમારી દશા થઇ ગઇ!

અમારી સ્થિતિ વિચિત્ર હતી! શરીરને ભારે પ્રતિકૂળતાનો સામનો કરવો પડતો હતો, છતાં કોણ જાણે કેમ મન અતિપ્રસન્ન હતું! સૌ સંતાકૂકડીની રમતમાં સહજ ગોઠવાઇ ગયા હતા. જંગલમાં વાંદરાઓ ઝાડ પર લટકે તેમ અમે ઝાડની ડાળીઓ પકડીને અમે ભૂલેલા રસ્તેથી પાછા વળતાં હતાં. અમે અમારી સ્થિતિ જોઇને હસતા હતા! શ્રી પંડિતજીના હાસ્યથી તો જંગલ ગાજતું હતું! ભૂલા પડવાનો જાણે આનંદ હતો! આવા ગાઢ જંગલમાં અટવાઇ જઇને રખડવાનો આનંદ પણ એક અનુભવ હતો. પડતા આખડતા મૂળ રસ્તા પર આવી ફરી આકરું ચઢાણ ચઢીને હાઇવે પર આવ્યા ત્યારે હાશ થઇ!

શોર્ટકટના અનુભવથી એક બોધ લાધ્યો. ગાઇડની પસંદગી કરવામાં અમે ભૂલ કરી હતી. તે નાનો કિશોર હોવાથી હજુ જંગલના રસ્તાનો પૂરો અનુભવી ન હતો. તેથી ભૂલા પડયા અને હેરાન થયા. જો અનુભવી અને પીઢ ગાઇડ હોત તો આ મુશ્કેલી ન પડત.

આપણા જીવનનું પણ એવું જ છે ને! પ્રભુપંથે જો અનુભવી માર્ગદર્શક ન હોય તો ભૂલા પડવાનો પૂરો સંભવ છે. જન્માંતરો સુધી આ જીવનના જંગલમાં એવા તો અટવાઇ જઇએ છીએ બહાર નીકળવાનું શક્ય જ બનતું નથી. મોહપાશમાં અટવાયેલા જીવનને કોણ ઉગારી શકે? જેઓ મોહપાશમાંથી મુક્ત થયા હોય તે જ સાચો રસ્તો બતાવી શકે.

આપણે ખરેખર કેવા પરમ સૌભાગ્યશાળી છીએ? આપણા જીવનના સારથિ કોઇ સંત નહિ પણ સ્વયં ભગવંત છે. પરમશક્તિનાં પ્રકટ સ્વરૂપ શ્રી શ્રી મા સર્વેશ્વરી સ્વયં આપણને સૌને પરમપંથે દોરી રહ્યાં છે. પછી ભૂલા પડવાનો સંભવ જ ક્યાં છે? પરંતુ આ પરમમાતાનો સાથ છોડીને શોર્ટકટના સોહામણા રસ્તે બિનઅનુભવીના હાથે સપડાઇ જઇશું તો જન્માંતરોના જીવનના જંગલે અટવાઇ જઇશું! મુક્તિની કલ્પના પણ સ્વપ્નવત્ બની જશે.

જીવન રસ્તે ચાલતાં ચાલતાં પૂ. શ્રી મા કેમ મળી ગયાં તે જ સમજાતું નથી! અતિશય દરિદ્ર અવસ્થામાં ભિખારીને અમૂલ્ય રત્નોનો ખજાનો મળી જાય તેવું આપણું થયું છે. આપણી મનની સ્થિતિ જોતાં એ કલ્પનામાં પણ નથી બેસતું કે પૂ. શ્રી મા સ્વયં પરમશક્તિનું પ્રકટ સ્વરૂપ હોય! જન્માંતરો સુધી જેના દર્શન માટે મુનિઓ મથી મથીને થાકી જાય તે જ આ પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા પરમશક્તિ શ્રી શ્રી મા સર્વેશ્વરીના ધારણ કરેલા લીલાવિગ્રહમાં પ્રકટ છે, તે પણ પરમ સત્ય જ છે!

શ્રી ગુરુહરિ યોગેશ્વરપ્રભુના અસીમ અનુગ્રહ થકી આપણે પરમશક્તિના પ્રકટ સ્વરૂપને પામી શક્યા છીએ, તે પણ નિઃશંક છે.

હવે જન્માંતરોના જંગલમાં ભૂલા ન પડવું હોય તો પૂ. શ્રી માના શ્રી ચરણો પકડી લેવા જેવાં છે. શોર્ટકટના સોહામણા રસ્તે દોડવા કરતાં પરમધામના સીધા જ રસ્તે પૂ. શ્રી માના પગલે પગલે ચાલવામાં જ જીવનની સાર્થકતા છે.

શોર્ટકટના રસ્તે ભૂલા પડવું તે પણ આ પદયાત્રાની યાદગાર ઘટના બની ગઇ! ઉચાટમાં અટવાયેલું મન હવે શાંત થયું, અને માતૃસ્મરણ કરતાં કરતાં ધ્યેયની દિશામાં સૌ પોતપોતાની ગતિથી ચાલવા લાગ્યા. લગભગ પાંચ વાગ્યે બીજા દિવસના વિશ્રામસ્થાન 'સાંકનીધાર' આવી પહોંચ્યા.

'સાંકનીધાર'નો વિશ્રામ એ પૂ. શ્રી માની પરમકૃપાનો અદ્ભુત અનુભવ છે. એ નાનકડા ઝૂંપડા જેવા મકાનમાં રહેતા વૃદ્ધ પુરુષે અમારું જે ભાવથી સ્વાગત કર્યું તે આવા અજાણ્યા પ્રદેશમાં શક્ય ન હતું! તે વૃદ્ધપુરુષે સૌને માટે ગરમ પાણી તૈયાર કરી આપ્યું. આટલી ઠંડીમાં ગરમ પાણીએ જાણે ગરમાગરમ ભોજનની ગરજ સારી! ગરમ પાણીએ સ્નાન કરીને સૌએ પદયાત્રાનો થાક ઉતાર્યો. તે ભલાપુરુષે પોતાના દીકરાને મદદમાં બોલાવીને અમારા માટે ગરમાગરમ દાળ ભાત શાક અને રોટલીનું ભોજન બનાવી આપ્યું. તેમણે ખૂબ જ ભાવથી સૌને જમાડયા. પદયાત્રામાં પહેલી જ વખત આવું સરસ ભોજન જમીને સૌ તૃપ્ત થઇ ગયા! પદયાત્રા પુરી થઇ અને ભાવયાત્રા ચાલી રહી હતી. રાત પડયે પંખીઓ પોતાના માળામાં આવી પહોંચે એ રીતે જાણે સૌ પોતાના ઘરમાં આવી પહોંચ્યા હોય એટલી નિરાંત સૌના હૈયે હતી.

ગરમ પાણીએ સ્નાન કર્યું, ગરમ સરસ ભોજન જમ્યા, રાત્રે પ્રાર્થના થઇ, સત્સંગ થયો. તે ભલા પુરુષે અમને સૌને

જમાડીને પછી બાજુમાં આવેલા શિવમંદિરમાં જઇને આરતી કરી, પછી જમ્યા. સાંજના સત્સંગમાં તેમના જીવનની વાતો જાણી ત્યારે એમ થયું કે જાણે આ યાત્રાનું ફળ મળી ગયું. તે ભલા આદમીના દીકરાએ કહ્યું કે વર્ષોથી મારા પિતાજી યાત્રીઓની સેવા કરતા રહ્યા છે. વહેલુંમોડું કોઇ પણ આવ્યું હોય તો તેને કોઇ પણ જાતની અપેક્ષા વિના જમાડે છે. પોતે ગરીબ હોવા છતાં દિલના કેવા અમીર છે! હવે તો સાવ વૃદ્ધાવસ્થા આવી ગઇ છે. દીકરાઓની મનાઇ છતાં પોતાની સેવાની પ્રવૃત્તિ છોડતા નથી! સેવા કરતાં કરતાં શ્વાસ છૂટે એવી તેમની ઇચ્છા છે.

રાત્રે અમને પોતાનાથી બને તેટલી સારી સૂવાની વ્યવસ્થા કરી આપી. અમે પણ તેમની સેવાના કદરરૂપે સારી એવી મદદ કરીને યાત્રાનું સાચું પુણ્ય પામ્યા. સવારે વહેલા ઊઠીને પણ અમને ગરમ પાણીની સગવડ કરી આપી. સૌને ભાવભરી વિદાય આપી. સેવાનો સંતોષ તેમના મુખપર મલકાતો હતો! એ સેવાભાવી પુરુષને પ્રણામ કરીને તેમના સેવાના સંસ્કારોને આત્મસાત કરવાના નિશ્ચય સાથે અમે ધ્યેયની દિશામાં આગળ ચાલ્યા.

દૂર હરિદ્વારમાં 'આર્યનિવાસ'માં બેઠાં બેઠાં પણ પૂ. શ્રી મા પોતાના બાળકોનું સર્વ પ્રકારે ધ્યાન રાખતાં હતાં. બંને રાતમાં સુંદર ભાવભર્યા નિવાસસ્થાનો આપીને પૂ. શ્રી માએ અમારી રક્ષા કરી હતી. નહિંતર આટલી ઠંડીમાં બહાર રસ્તાપર રાત પસાર કરવી અમારે માટે ભારે કષ્ટદાયક સાબિત થઇ હોત? પૂ. શ્રી મા આજ્ઞા કરે છે અને એ આજ્ઞાને પાળવાની શક્તિ પણ તેઓ જ આપે છે. પોતાના બાળકોપર પૂ. શ્રી માનું રક્ષાછત્ર અખંડ રહે છે.

આજે છેલ્લા દિવસની પદયાત્રા વહેલી શરૂ કરી દીધી હતી.

શરૂઆતમાં જ ગાઢ ધુમ્મસનો અનુભવ થયો. ધુમ્મસના વાદળાઓ વચ્ચે અમે જાણે ઊડી રહ્યા હોઇએ તેવો અનુભવ માણતા હતા. ગઇરાતના સારા આરામથી શરીરમાં સ્ફૂર્તિ હતી. 'સાંકનીધાર'થી હવે દેવપ્રયાગસુધી ઢાળવાળો રસ્તો હોવાથી ઝડપથી ચલાતું હતું. બપોરના બાર વાગ્યા સુધીમાં તો સૌ દેવપ્રયાગના સંગમસ્થાને સ્નાન કરવા પહોંચી ગયા હતા. યુવાન છોકરાઓ તો અગિયાર વાગ્યા પહેલાં પહોંચી ગયા હતા.

દેવપ્રયાગના સંગમમાં સ્નાન કરીને સૌએ પોતાના પ્રણામો કર્યા. શાંતિથી ખુલ્લા તાપમાં બેસીને પોતપોતાના સ્વાધ્યાય, પ્રાર્થના વગેરે કર્યાં, પૂ. શ્રી માની કૃપાથી નિર્વિઘ્ને યાત્રા પુરી થઇ તેનો સૌને પરમ આનંદ હતો. બધાંની તબિયત પણ ઘણી જ સારી રહી.

દેવપ્રયાગ એટલે શ્રી ગુરુદેવપ્રભુનું તપસ્યા તીર્થ. દેવપ્રયાગની ભૂમિ પૂ. શ્રીની પવિત્ર ચરણધૂલિથી પાવન થયેલી છે. દેવપ્રયાગનું નામ પડતાં જ પૂ. શ્રીના પાવન સંસ્મરણોથી અંતર ઊભરાઇ જાય તે સ્વાભાવિક છે. સંગમ સ્નાન કરીને પૂ. શ્રીના તપસ્યાસ્થાન કુટિયાના દર્શને ગયા. આંગણામાં બેસી બાવનીના પાઠ કર્યા. પૂ. શ્રી જ્યોતિર્મયી માતાજીનું પાવન સ્મરણ કર્યું. પૂ. શ્રી અને પૂ. માતાજીએ આ સ્થાનમાં રહીને પારાવાર કષ્ટો સહન કરીને જે સાધનાનો ઇતિહાસ રચ્યો તેની યશગાથા યુગોસુધી અમર રહેશે અને સૌને પ્રેરણાનાં પીયૂષ પાયા કરશે.

પૂ. શ્રી માની પરમ કૃપાથી પદયાત્રા આનંદપૂર્વક પૂરી કરીને ત્રીજે દિવસે સાંજે પૂ. શ્રી માના શ્રી ચરણોમાં 'આર્યનિવાસ'માં પહોંચી ગયા. સૌને પ્રફુલ્લિત જોઇને પૂ. શ્રી મા પ્રસન્ન થયાં. બાળકોએ પદયાત્રાનો અહેવાલ વિગતવાર આપ્યો.

પૂ. શ્રી માની આજ્ઞા પાળીને ઉમંગપૂર્વક સૌ યાત્રા કરીને પાછા આવ્યા તેથી પૂ. શ્રી મા ખૂબ પ્રસન્ન થયાં. પૂ. શ્રી માએ પોતાના યાત્રી બાળકોનું બાળાઓ દ્વારા કુમકુમ તીલકથી સ્વાગત કર્યું. ચાલુ સત્સંગે સૌના આશ્ચર્ય વચ્ચે પૂ. શ્રી માએ પોતાના બાળકોને ઠંડીમાં આદુ અને લીંબુ નાંખીને ગરમ ગરમ સરબત પીવડાવીને સૌને જાણે પરમ માતાનું પ્રેમામૃત પાઇને વાત્સલ્યથી નવડાવ્યા! સૌ બાળકો પૂ. શ્રી માનું વાત્સલ્ય પામીને ભાવવિભોર થઇ ગયા! બીજે દિવસે પણ બીજી વખત આ અમૃતપાન કરાવી-ને સૌનો થાક હરીને સૌને પ્રભુલ્લિત બનાવી દીધા.

યાત્રીબાળકોને પદયાત્રાના આનંદ કરતાં પૂ. શ્રી માની આજ્ઞા પાળવાનો વિશેષ આનંદ હતો. પૂ. શ્રી માની આજ્ઞા ઉત્તમ રીતે પાળી શકાય તે જ બાળકોની સર્વોત્તમ સાધના છે. બાકી સ્થૂળ તીર્થોની યાત્રા કરવાની તો પૂ. શ્રી માના બાળકોને ક્યાં જરૂર છે? પૂ. શ્રી મા જ પરમતીર્થ સ્વરૂપ છે. પૂ. શ્રીએ લખ્યું છે:–

" 'મા' જ્યાં જ્યાં જશે, વસશે, વિહરશે ત્યાં ત્યાં તીર્થ બનશે. 'મા' પરમ તીર્થસ્વરૂપ છે."

એમને અંજલિ આપતા પૂ. મહાત્માજીએ કહ્યું છે:–

"તમારા ચરણોમાં તીર્થો છે,
સમસ્ત સંસારનાં તીર્થો છે."

તમારા શરીરમાં સરિતાઓ, સ્રોતો, અંગપ્રત્યંગમાં, પરમાણુમાં પ્રાણના સ્પંદનોમાં પરમધામ પ્રકટયાં છે.

તમે તીર્થસ્વરૂપ છો, તીર્થો તમારા પરમ તીર્થરાજમાંથી પ્રકટયાં છે.

આજે એ ફરીથી કહું છું સૌ કોઇ એમને, ઓળખી, સમજી સન્માની નહિ શકે. જેનો પૂર્વનો પુણ્યોદય હશે એ જ અલ્પ પણ ઓળખશે, સમજશે, સન્માનશે,

એ લાભાન્વિત થશે, ધન્ય બનશે.

પૂ. શ્રી માનો મહિમા ખરેખર અપરંપાર છે. કલ્પનાની પાંખે પણ તેનો પાર પામી શકાય તેમ નથી.

પૂ. શ્રી કહે છે તેમ પૂ. શ્રી માના લીલાવિગ્રહના એક એક પરમાણુમાં જો એક નહિ પણ અનેક પરમધામ પ્રકટયાં હોય તો પરમધામ તો પરમાત્માનો નિત્ય નિવાસ છે. એટલે કે પૂ. શ્રી માના એકેએક લીલાવિગ્રહના પરમાણુમાં પરમાત્મા પ્રકટ થયા છે. પૂ. શ્રી એમ કહેવા માગે છે કે પૂ. શ્રી મા સર્વેશ્વરીના લીલા-વિગ્રહમાં પરમશક્તિ પૂર્ણપણે પ્રકટ થઇ છે. પૂ. શ્રી મા સર્વેશ્વરી જ પરમશક્તિ છે અને પરમશક્તિ તે જ પૂ. શ્રી મા સર્વેશ્વરી છે. સર્વેશ્વરી અને પરમેશ્વરીમાં કોઇ ભેદ નથી, બંને એક જ છે.

ચાંદા, સૂરજ સહિત બ્રહ્માંડની અનેક વિભૂતિઓ પરમશક્તિ શ્રી શ્રી મા સર્વેશ્વરીનો પરમ મહિમા નિરંતર ગાયાં કરે છે છતાં તેનો પાર પામી શકતા નથી. પૂર્ણ પુરુષોત્તમના પરમપદે પ્રતિષ્ઠિત થયા પછી પણ પરમપુરુષ શ્રી યોગેશ્વરપ્રભુને પૂ. શ્રી મા સર્વે-શ્વરીના શ્રી ચરણોમાં મસ્તક મૂકવાની ઇચ્છા થઇ છે, તો શ્રી યોગેશ્વરપ્રભુએ પૂ. શ્રી માનો કેવો મહિમા જાણ્યો હશે?

શ્રી યોગેશ્વરપ્રભુ જેવા પરમપુરુષ પાસે આપણે તે કોણ માત્ર? આ પદયાત્રા દ્વારા પૂ. શ્રી માનો કંઇક મહિમા સમજીને જો એ મહિમાસહિત ભાવપૂર્વક પૂ. શ્રી માનું પરમસ્મરણ એકાદ ઘડી પણ થયું હોય, તોય આ પદયાત્રા સફળ છે.

બીજું કંઈ નહિ તો પણ પૂ. શ્રી માની આજ્ઞા પાળવાનું સૌભાગ્ય મળ્યું તેથી પણ યાત્રાનું પરમધન પામી લીધું.

પદયાત્રાના વિષમ સંજોગોમાં પણ પૂ. શ્રી માનો પરમમહિમા એક ઘડી પણ ન વિસરાયો તોપણ યાત્રા સફળ છે.

વિષમ સંજોગોમાં પણ પૂ. શ્રી માએ જે રીતે સંભાળ લીધી તેમાં પૂ. શ્રી માનું કૃપાદર્શન થયું હોય તોપણ યાત્રા સફળ!

પદયાત્રામાં અને દેવપ્રયાગમાં ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુનું નિરંતર સ્મરણ રહ્યું હોય તોપણ યાત્રા સફળ!

આર્યનિવાસમાં પૂ. શ્રી માનું વાત્સલ્યભર્યું સ્વાગત પામીને પણ યાત્રા સફળ!

આ યાત્રાદ્વારા પૂ. શ્રી માનો પરમમહિમા જાણી પૂ. શ્રી મામાં નૂતન શ્રદ્ધાથી સંપન્ન થયા હોઈએ તોપણ યાત્રા સફળ!

યાત્રાદ્વારા પૂ. શ્રી માની પરમકૃપાથી આપણા પરસ્પરના રાગદ્વેષ મટી ગયા હોય તોપણ યાત્રા સફળ!

અરે! પૂ. શ્રી માનો મહિમા જાણ્યા પછી જાગી જવાય તોપણ આ જીવનયાત્રા સફળ જ છે.

આ પદયાત્રાએ શું નથી આપ્યું? બધું જ આપ્યું છે. આત્મસાત થઈ શકે તો જ તેની સાર્થકતા છે. જેટલું ચાલીયે તેટલી જ યાત્રા થવાની છે. મનથી ચાલતા રહીએ, સ્મરણયાત્રા ભાવપૂર્વક કરતા રહીએ.

પરમમાતાની શુચિ કરુણાધારા આ પૃથ્વીપટે નિરંતર વહી રહી છે. સૌને સ્નાનનું આમંત્રણ છે. જે સ્નાન કરી લેશે, શ્રી ચરણોનો આશ્રય લઈ લેશે તેને વળી શું ચિંતા?

"સાફલ્ય વિજયની ના શંકા, શુચિ કરુણાધારા જાય વહી."

આવો, સહિયારા, સમર્થ પુરુષાર્થથી
આર્થિક ઉન્નતિનો માર્ગ સ્વયં કંડારીએ....

કેશુભાઈ પટેલ
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

મંગુભાઈ પટેલ
આદિજાતિ કલ્યાણ રાજ્ય મંત્રી

- છેવાડાનો આદિવાસી આજે ખેતીની નૂતન પદ્ધતિઓ અપનાવી પગભર બનતો જાય છે. ઉદ્વહન સિંચાઈ અને પિયતની આધુનિક સવલતોએ આદિજાતિ સમૂદાયને કૃષિ ક્ષેત્રે વિકાસની નવતર દિશા ચિંધી છે.
- આદિજાતિ વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા અમલી કલ્યાણકારી વિવિધ યોજનાઓનો રાજ્યના આદિવાસીઓ લાભ લઈ સામાજિક, આર્થિક, શૈક્ષણિક, કૃષિ વગેરે ક્ષેત્રે સર્વાંગી વિકાસ સાધી શકે છે.

શું આપ પણ આદિવાસી કલ્યાણની
વિવિધ યોજનાઓનો લાભ લેવા ઈચ્છા ધરાવો છો ?
તો સત્વરે નીચે જણાવેલ સ્થળે સંપર્ક સાધો :
આદિજાતિ વિકાસ કમિશનરશ્રીની કચેરી, બ્લોકનં- ૩,
પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦
તથા સંબંધિત વિસ્તારના પ્રયોજના વહીવટદારશ્રીની કચેરી
અને જીલ્લા તકેદારી અધિકારીશ્રીની કચેરી.

માહિતી-૨૦૦૦

સંસારમાં સુખ, શાન્તિ ને સમુન્નતિ કોણ પામી શકે? તો ઉપનિષદ્‌ના ઋષિ કહે છે **चराति चरतो भगः।** જે ચાલતો હોય છે તે જ જઇ શકે છે, બેઠો હોય, પ્રમાદી હોય, આળસુ કે નિષ્ક્રિય હોય, તે કદી કશુ પામી શકતો નથી.

જે ચાલે છે, તેનું ભાગ્ય પણ ચાલવા માંડે છે. જે બેસી કે સૂઇ જાય છે, તેનું ભાગ્ય પણ સૂઇ જાય છે. માટે આ જ જીવનમાં કંઇક પામવું હોય તો પુરુષાર્થની કેડી પર પગલાં માંડી—આત્મોન્નતિના માર્ગે ડગ ભરવા માંડો.

યોગેશ્વરજી

સૌજન્ય :

YOGA & TOTAL HEALTH CENTRE

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "

૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩
મોબાઇલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E – mail :
hpathakji@yahoo.Com

નામપ્રેમી ભક્ત ચોખામેલા

પ્રા. બિપિન પટેલ

આશરે સાતસો વર્ષ પહેલાંનું એ મહારાષ્ટ્ર પ્રભુના નામી અનામી અનેક સંતોની એ ભૂમિ. સંત જ્ઞાનેશ્વર અને નામદેવના નામો તો લોકજીભે રમે. જ્ઞાનેશ્વર મહારાજની સંત મંડળીમાં તો અનેક સંતો! કેવા દિવાના એ સંતો; બસ..... પરમાત્માનું ભજન કરવું, પરમાત્માને પ્રેમ કરવો ને પરમાત્માને ભરોંસે રહેવું!

'એક તું સાચો–તારુ નામ સાચું!' બસ.... પરમાત્મા શ્રી વિઠ્ઠલ સાથેનો સંબંધ જ એક સાચો સંબંધ, બાકી બધા સંબંધો જૂઠા! શરીર નાશવંત છે. તો શરીર સાથેના સંબંધો પણ નશ્વર જ છે. શાશ્વત તો એક પરમાત્મા જ છે; તેથી જીવનો પરમાત્મા સાથેનો સંબંધ જ નિત્ય છે; શાશ્વત છે.

પરમાત્માના રંગે રંગાયેલી એ સંતમંડળીનું એક આગવું નામ એટલે **ચોખામેલા.** સરળ સ્વભાવ, નિખાલશ હૃદય અને ઉદાર ચરિત્ર એટલે ચોખામેલા.

જન્મે તેઓ ચમાર! પરંતુ પૂર્વજન્મમાં કરેલી પ્રભુભક્તિને કારણે જન્મથી જ કદાચ તેઓ પરમાત્માનો સંગ લઇને જ જન્મ્યા હશે, તેથી જ તેમના આણુએ આણુમાં શ્રી વિઠ્ઠલનું નામ સમાયેલું હતું.

મુખમાં શ્રી વિઠ્ઠલનું નામ! હૃદયમાં શ્રી વિઠ્ઠલનું ધ્યાન! બસ.... આ એક જ ચોખામેલાનું કામ!!

વંશપરંપરાગત વ્યવસાય તેમનો ચમારનો–મરેલાં ઢોરને વસ્તીથી દૂર લઇ જવાં!

એવું કહેવાય છે કે **માનવી ત્યાં નથી હોતો કે જ્યાં તેનું શરીર હોય છે. પરંતુ ત્યાં હોય છે કે જ્યાં તેનું મન હોય છે.** ને ચોખામેલાનું મન તો સદૈવ તેના પ્રાણાધાર શ્રી વિઠ્ઠલના શ્રી ચરણોમાં જ રમતું રહેતું. નામસ્મરણ, ચિંતન, મનન, ધ્યાન અને માનસિક પૂજા–અર્ચનમાં દિવસ ક્યારે પૂરો થઇ જતો તેનું તેમને ભાન પણ રહેતું નહીં.

જન્મથી જ પ્રભુપ્રેમનું ભાથું લઇને આવ્યા હતા જ; તેમાં વળી રંગ લાગ્યો તેમને સંત નામદેવજીના કીર્તનનો! નામદેવજીના એ કીર્તને એવું તો ઘેલું લગાડયું કે નામદેવજીને તેમણે ગુરુ-રૂપમાં સ્વીકાર્યા.

ઇચ્છા થાય ત્યારે પંઢરપુરના તરફ ચાલી નીકળવું... ને શ્રી વિઠ્ઠલના મંદિરના પ્રાંગણમાં ધામો નાંખી–સંકીર્તનમાં મસ્ત બની... દિવસો સુધી કીર્તન અને નર્તનમાં મસ્ત રહેવું, એ તો ધીમે ધીમે કાયમનું જ બની ગયું ચોખામેલા માટે. શ્રી વિઠ્ઠલના દર્શનની ઇચ્છા હૈયે ઊઠે એટલે તરત જ તેમના પગ દોડવા માંડે મંદિર તરફ. ભક્તિનો રંગ જ એવો છે ભાઇ!

પંઢરપુરના શ્રી વિઠ્ઠલનું મહાદ્વાર તેમનો પરમ આશ્રય! ભગવાનના ભક્તોની ચરણરજ એ તેમનું મહાભાગ્ય! એ સાંપડે એટલે ચોખામેલા ધન્યતા અનુભવે અને કલાકો સુધી દેહભાન પણ વિસરી જાય.

તેમની અનન્ય ભક્તિથી ભગવાન પણ પ્રસન્ન રહેતા. એવું કહેવાય છે કે પંઢરપુરના શ્રી વિઠ્ઠલના પ્રાંગણમાં એકવાર

ચોખામેલા કીર્તનમાં મસ્ત હતા; ઊચ્ચ સ્વરોમાં શ્રી વિઠ્ઠલનું ગાન કરતા ચોખામેલાની આંખોમાંથી અશ્રુધારા વહી રહી હતી. તેમની અભાન અવસ્થામાં ભગવાન વિઠ્ઠલ અદૃશ્યરૂપે તેમને મંદિરની અંદર લઇ ગયા; દિવ્ય દર્શન આપ્યાં અને તેમને કૃતાર્થ કર્યા. એટલું જ નહિ પરંતુ સ્વયં પોતાના હાથે પોતાના ગળાનો રત્ન-હાર તેમ જ તુલસીમાળા ભગવાને ચોખામેલાને પહેરાવી. નિર્દોષ ચોખામેલા તો અતિ આનંદમાં મસ્ત બની ગયા. મંદિરના પૂજારી-એ જ્યારે જાણ્યું ત્યારે તેમના ક્રોધની સીમા ન રહી–'અરે! ઓ ચમાર! તારી આ હિંમત? તું બેરોકટોક મંદિરમાં ઘૂસી આવ્યો અને અમારા ઠાકુરજીને પણ ભ્રષ્ટ કર્યા!?...ને બિચારા ચોખામેલા-ને સખત માર પડયો. ત્યારે... કદાચ ભગવાનની આંખો પણ ભીની થઇ ગઇ હશે. તેથી જ તે સમયના પ્રખ્યાત સાધ્વી ભક્તિ-મતિ જનાબાઇએ પોતાના એક અભંગમાં ગાયું કે...'અરે! ચોખા-મેલાના તો કર્મો જ એવાં છે કે સ્વયં ભગવાન પણ તેના ઋણી રહે છે. ભલે તેઓ નિમ્ન જાતિમાં જન્મ્યા હશે; પરંતુ સાચી ભક્તિમાં તેઓ લીન છે. ચોખામેલા ભક્ત નહિ ભક્તરાજ છે! એવા સંત છે તેઓ કે જેમણે સ્વયં ભગવાનને પણ મોહી લીધા છે. બિચારા નાસમજ લોકો જાતિને મહત્ત્વ આપીને... એક સાચા હીરાને પારખી શકતા નથી; કમભાગ્ય તેમનું!'

ચોખામેલા એકવાર એ જ રીતે ભક્તિ અને પ્રેમના પુરમાં ઘસડાઇને શ્રી વિઠ્ઠલ મંદિર તરફ ચાલી નીકળ્યા. બજારમાં તેમણે સરસ મજાનાં કેળાં જોયાં.

'વાહ પ્રભુ! આજે તો તને કેળાં ખાવાની ઇચ્છા થઇ છે, કેમ...? કેટલાં સુંદર કેળાં છે?' તેમણે પોતાના પ્રભુ માટે કેળાં ખરીદ્યાં. તેમના રોમેરોમમાં ઉલ્લાસ છવાયો; આનંદનું એક ગીત

ગૂંજવા લાગ્યું તેમના અણુએ અણુમાં! ભાવવિભોર ચોખામેલાને એ ખ્યાલ પણ ના રહ્યો કે... શ્રી વિઠ્ઠલજીનું મંદિર ક્યારે આવ્યું, પોતે મંદિરમાં ક્યારે પ્રવેશ્યા અને ભગવાનને ભોગ લગાવવા માટે પૂજારીજીને તેમણે ક્યારે કેળાં આપ્યાં!... એ તો પૂજારીજીનો પ્રકોપ ગર્જી ઊઠયો ત્યારે તેમની ભાવસમાધિ તૂટી. પૂજારીજી ગુસ્સે થઈને બરાડી ઊઠયા, 'અરે! ઓ ચમાર! તું પાછો ઘૂસી આવ્યો?...ને...? તારે કેળાંનો ભોગ ધરવો છે ભગવાનને?' બીજી જ પળે પૂજારીજીએ તો કેળાંનો ઘા કર્યો–દૂર જઈ પડયાં કેળાં! બિચારા ચોખામેલા...! દૂર પડેલાં કેળાં તેમણે હાથમાં લીધાં; પછી ખૂબ રડયા. દુઃખ તેમને એ વાતનું ન હતું કે કોઈએ તેમને ચમાર કહ્યો હતો. પરંતુ દુઃખ તો એ હતું કે હે ભગવાન! **'સેવા જોગ ન ભાગ હમારે!'** મારા ભાગ્યમાં તારી આટલી સેવા પણ નથી.

લગભગ બેશુદ્ધ હાલતમાં તેમણે મંદિર છોડયું!

રાતભર તેમને ઊંઘ ના આવી.

તો બીજી તરફ શ્રી વિઠ્ઠલજીને પણ ક્યાં ઊંઘ આવતી હતી?

ભગવાન બધું સહન કરી શકે. પરંતુ પોતાના ભક્તનું કોઈ અપમાન કરે તે ભગવાન સહી શકતા નથી.

ભક્તાપરાધ તેમને માટે અસહ્ય બને છે.

ભગવાનથી ન રહેવાયું. તેઓ ઊઠયા. ને પહોંચ્યા ચોખામેલા પાસે. ઊભા રહ્યા હાથ લંબાવીને. ને બોલ્યા, 'પ્રિય ભક્તવર! મારાં કેળાં લાવો. સાંજથી મેં કંઈ ખાધું નથી.'

'હું આ શું સાંભળું છું? શું જોઉં છું?' ભગવાનનો પ્રેમસભર સ્વર અને સાક્ષાત શ્રી વિઠ્ઠલજીને જોઈને ચોખામેલા તો પ્રેમ-વિભોર બની ગયા. તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં; 'શું બોલવું?' તેનું તેમને ભાન ના રહ્યું.

'મારાં?... એક અધમના કેળાં તમે આરોગશો?' રડતાં રડતાં તેમણે કહ્યું.

'અરે! ભક્તરાજ! મેં ક્યાં તમારાં કેળાં ફેંકી દીધાં હતાં? મને જલ્દી કેળાં આપો–અતિશય ભૂખ લાગી છે મને!' ને તેમણે ચોખામેલા પાસેથી કેળાં સ્વીકારીને કેટલાંક ખાધાં અને કેટલાંક હાથમાં રાખતાં કહ્યું, 'આ...દેવી રુક્ષ્મણીજીને માટે લઈ જાઉં છું!'

ભક્તે ધન્યતા અનુભવી. તેમનું રોમરોમ નર્તન કરી ઊઠયું, 'વાહ મારા પ્રભુ! વાહ! તારી લીલા! તેં તો ખાધાં પણ મા રુક્ષ્મણીજી માટે પણ લઈ ગયા!'

સવારે પૂજારીજીએ જોયું તો મંદિરમાં કેળાંની છાલ!

'ઓહ! આ બધું પેલા ઢોંગી ચોખામેલાનું જ કામ!' ક્રોધે ભરાયેલા પૂજારી લગભગ દોડી ગયા–તેમણે ચોખામેલાને ખૂબ માર્યો. ભગવાન આ બધું સહન ના કરી શક્યા. તેમણે મંદિરના દ્વાર અંદરથી બંધ કરી દીધાં!

પૂજારી પહોંચ્યા તો મંદિર બંધ...!

'અરે! આ શી રીતે બની શકે?'

કંઈ સમજાયું નહિ... પરંતુ સંભળાયું ખરું...

'અરે! ઓ મૂરખ! જા...! ચોખામેલાને તારી ખાંધ પર બેસાડીને માનસહિત અહીં લઈ આવ. તે મારો અનન્ય ભક્ત છે. નહિ તો તમારી કોઈની પણ સેવાપૂજા હું સ્વીકારીશ નહિ!'

અરે! આ તો ભગવાન વિઠ્ઠલનો અવાજ!

પૂજારીને હવે સમજાયું કે ચોખામેલા કેટલા ઉચ્ચકોટિના ભક્ત છે! તેમની આંખો ઊઘડી!

ભગવાનની આજ્ઞા શિરોધાર્ય!

બિચારા પૂજારીજી ચોખામેલાને પોતાની ખાંધપર બેસાડીને લાવ્યા ત્યારે મંદિરના દ્વાર ખૂલ્યાં!

ભક્તરાજ ચોખામેલાના મૃત્યુની ઘટના પણ અનોખી હતી. ગામના એક જૂના કિલ્લાના સમારકામ દરમિયાન અચાનક કિલ્લો તૂટી પડતાં સાથી મજૂરો સાથે મજૂરીનું કામ કરતા ચોખામેલા પણ દબાઇ ગયા—મૃત્યુ પામ્યા! કેટલાક સમય પછી ભક્તોએ ચોખાજીના અસ્થિ શોધવાનો પ્રયત્ન કર્યો—પણ તેમના અસ્થિ ઓળખવાં શી રીતે? ભક્તોની સાથે નામદેવજી પણ હતા.

'અરે! એ તો સરળ છે! જે અસ્થિમાંથી વિઠ્ઠલ વિઠ્ઠલનો ધ્વનિ સંભળાય તે અસ્થિ ચોખાજીના...' નામદેવજીએ કહ્યું ને સાચે જ કેટલાક અસ્થિમાંથી વિઠ્ઠલ વિઠ્ઠલનો નાદ સ્પષ્ટ સંભળાતો હતો. એ રીતે ચોખાજીના અસ્થિ અલગ કરીને નામદેવજી તેને પંઢરપુર લઇ ગયા; શ્રી વિઠ્ઠલજીના મહાદ્વાર પાસે તે અસ્થિ દાટવામાં આવ્યાં; ને ત્યાં સમાધિ ચણવામાં આવી.

કેવું અદ્‌ભુત હશે એ નામરટણ કે જેમના અસ્થિમાંથી પણ નિરંતર 'વિઠ્ઠલ' નામ ગુંજતું રહ્યું!

શ્રીભર્તુહરિ વૈરાગ્યશકત

યોગેશ્વરજી

૯

સુખેથી ગંગાના તટપર હું કાશીમહિં રહી,
લગાવી લંગોટી, શિરપર કરી અંજલિ વળી,
અહો શંભો, ગૌરીપતિ, શિશુ મને દર્શન તું દે,
પુકારીને ક્યારે દિવસ ક્ષણ જેવા કરું હવે!

૧૦

સહ્યાં લુચ્ચાઓનાં વચન, બહુ સેવા પણ કરી,
દબાવીને ડૂમા સ્મિત પણ કર્યું શૂન્યમનથી;
કરો જોડયા દાબી મનડું અપમાની પણ થઇ,
હજી આશા શાને નચવ મુજને નિષ્ફળ અલી!

૧૧

ખોદ્યાં કૈં ધનકાજ ભૂમિપડળો, ગાળી વળી ધાતુઓ,
ડોળ્યા સાગર, રાજવી ખુશ કર્યા યત્નો કરીને ઘણા;
મંત્રોને જપતાં ઘણી પણ અહા, ગાળી સ્મશાને નિશા,
ફૂટી એક બદામ પ્રાપ્ત ન થઇ, તૃષ્ણા, હવે છોડ હા!

૧૨

પ્રસન્ન કરવા શું કામ પરને તું યત્નો કરે,
શું કામ મુજ ચિત્ત, એમ દુઃખમાં તું પોતે પડે;
પ્રસન્ન કરને સ્વને બધુંય સિદ્ધ થાશે પછી,
થશે તરત નિર્વિકલ્પ બનતાં તું ચિંતામણી.

(ક્રમશઃ)

કેલગેરીની મૌન સાધના શિબિર (૧)

રાજુ યાત્રી

મૌન સાધના શિબિર નાના મોટા સૌને મન એક અનેરો મહોત્સવ બની ગયો. આ મહોત્સવના મુખ્ય યજમાન પૂ. શ્રી મા–પ્રભુ હોવાથી તેની શોભા અનેરી હતી. આ શિબિરના આમંત્રણ પત્ર પર કોઇ યજમાનનું નામ ન હોવાથી આ શિબિરના યજમાન પૂ. શ્રી મા–પ્રભુ જ હતાં. તો પછી જેમ સીતા સ્વયંવર વખતે માતા સીતા જેમ પોતાની રિદ્ધિસિદ્ધિને વિનંતી કરી સૌના માટે જે આવાસો ઊભા કરવાનું અને આવાસોમાં વ્યવસ્થા કરવાની આજ્ઞા કરીને રાતોરાત એ ભવનોમાં સગવડો ઊભી કરી દેવામાં આવે છે તેવી જ રીતે આ મા સર્વેશ્વરીએ પોતાની રિદ્ધિ–સિદ્ધિઓને તો આદેશ આપ્યો જ, પણ પોતે પણ આ સ્થાનને આશ્રમસ્થળમાં ફેરવવામાં મચી પડયાં. તેનું પરિણામ તો સૌ શિબિરાર્થીઓએ જોયું.

આ શિબિરનો હેતુ મુખ્યત્વે સાધના પરાયણ જીવનનો જ હતો. મા શ્રી દક્ષેશ્વરીએ એ હેતુ સાથે માનવ જીવન જીવવાના ઉત્કૃષ્ટ આદર્શો, નિયમોને જોડીને આ શિબિરને એક નવું જ રૂપ આપવાનો પ્રયત્ન કર્યો અને તેના પરિણામે આ શિબિરે એક નવી જ ભાત પાડી તો વળી ભવિષ્યની શિબિરોને પણ આ શિબિર રાહ બતાવશે. તેથી ફાયદો છે જ. આમ જોવા જઇએ તો આદર્શો અને નિયમો કોઇ નવા ન હતા. પૂ. શ્રી માએ આપણે જે ભૂલી ગયા છીએ તે યાદ અપાવી ને આપણને સારુ, સ્વસ્થ, ભક્તિમય, ઈશ્વર–પારાયણ જીવન જીવવાની તાલિમ આપી.

આ શિબિરના નિયમો જ એવા હતા કે તેના પરથી આ શિબિર કેવી હશે તેનો ખ્યાલ આવે છે. આ સઘળા નિયમો પૂ. શ્રી મા એ જ પોતાના બાળકોને કલ્યાણ અર્થે જ ઘડેલા તેની અસર એવી ઊંડી ને વ્યાપક હતી કે સૌને જીવનમાં પહેલીવાર સાધનાત્મક જીવન જીવ્યાનો સંતોષકારક અનુભવ થયો. કેટલાક નિયમો જોવા જેવા છે.

૧. આ કાર્યક્રમમાં મોટે ભાગે સૌ મૌનવ્રત લેશે.

૨. ઓઝોના શિબિરની એક પણ સગવડ અહીં મળવાની ન હતી.

૩. અહીં નાના કે મોટા ડોક્ટરોની સગવડ નથી.

૪. સૌને સવારે દૂધ, બપોરે ફળ–સૂકો મેવો, અને સાંજે ફક્ત ૧ ટંક ખીચડી શાકનું ભોજન મળશે. ચહા, કોફી, જ્યુસ કે નાસ્તાની કોઇ પણ પ્રકારની સગવડ મળશે નહીં. શરીરને સંપૂર્ણ આરોગ્ય ધરવા માટે ઉત્તમ અવસર છે.

૫ સાદો, હળવો આહાર, મૌનવ્રત, અગવડોમાં સગવડ માની ફરિયાદ વગરનું સાધનાત્મક જીવન જીવવાની તાલિમ છે. પૂ. શ્રી માના મૌન સાન્નિધ્યમાં જેને સાધના કરવાની ઈચ્છા હોય તે જરૂર પધારે.

૬. આ કાર્યક્રમમાં સાધના કરવા આવો છો તો તા. ૩ થી ૨૬ સુધી તમે વિવિધ નિયમો લઇ સાધના કરી શકો.

પ્રથમ નિયમ અને અઘરો નિયમ તે મૌન પાળવાનું. સામાન્ય રીતે મોટા ભાગના લોકોને મૌન ખૂબ સહેલું લાગે છે, પણ જ્યારે અહીં પાળવાનું આવ્યું ત્યારે ખબર પડી કે આપણે કેટલા વખત સુધી મૌન રાખી શકીએ. પૂ. માએ સૌને મૌનની જે તાલિમ આ

શિબિરમાં આપી તે સૌથી શ્રેષ્ઠ તાલિમ છે! દુનિયાભરની કોઇ શાળામાં કે યુનિવર્સીટીમાં આવી તાલિમ મળી શકે નહીં. પૂ. શ્રી માએ તો યુનિવર્સિટીમાં વળી ચોકીદાર પણ રાખેલા અને તે ચોકીદાર એટલે પોતે જ પોતાની જાતની ચોકી કરવાની! મૌન રાખો, શાંતિ રાખોના બોર્ડ ઠેર ઠેર નજરે પડે એટલે એ બોર્ડ પણ વારે વારે આપણને રોકે, એવું વ્યવસ્થિત તંત્ર પૂ. માએ ગોઠવેલું. શિબિરમાં આવેલા દરેકને પહેલે જ દિવસે મૌન પાળવાની સૂચના આપી દેવાય પછી તેણે પોતાની જાતે જ પોતાની જાતને વફાદાર રહેવાનું! આ કીમિયો એટલો બધો કામિયાબ નિવડયો કે મોટાભાગે લગભગ કાયમ જ આ સ્થાનમાં અનુપમ શાંતિ જ પથરાયેલી લાગતી. દરેક જણે મૌન રહેવાની જવાબદારી લઇ લીધી. એનો અર્થ એવો પણ ન હતો કે જરૂર પડે બોલવું જ નહીં કે એકબીજા ઇશારાથી જ કે લખીને વાતો કરે. મા એટલા બધા જડ નિયમોમાં માનતાં નથી. આટલા બધા શિબિરાર્થીઓની વ્યવસ્થા, અલ્પાહાર, ભોજન, વગેરે માટે સંજોગોવશાત કેટલાકને વાતચીત કરવી પણ પડે, તો તેવા માટે ધીમેથી પૂ. માના શબ્દોમાં જેમ 'મચ્છર ગણગણે' તેવી રીતે વાત કરી શકાય. અને એ રીતે પૂ. શ્રી માની વ્યવહારિક દૃષ્ટિનાં પણ દર્શન થાય છે.

એક દિવસ સૌ બપોરના અલ્પાહાર લેતા હતા. કદાચ દરેકને શરૂઆતના મૌને અકળાવી દીધા હોય કે પછી નિયમ ભૂલી ગયા હોય તેમ સૌ જરા મોટેથી એકબીજા સાથે વાત કરવા લાગ્યા. અચાનક પૂ. શ્રી માએ ભોજનાલયનું દ્વાર ખોલીને સૌને લેખિત ઠપકો આપ્યો. આ નિરવ વાતાવરણમાં થોડો અવાજ પણ મોટો લાગે છે. આમ પૂ. માને અમારા ગેરવર્તનની જાણે તરત જ

જાણ દૂર રહ્યે રહ્યે થઇ હોય તેમ હાજર થઇને તરત જ અમારા એ નિયમભંગ પર લગામ મૂકી દીધી. સદ્‌ગુરુની આજ રીત છે. શિષ્યને સાચા રસ્તે દોરવાની છે. તરત જ સૌને આ ભૂલનો અફસોસ થયો. ત્યાર પછી એવો અવાજ સાંભળવા નથી મળ્યો! આપણે આપણી જાતની ચોકી કરવાની ચૂક્યા કે તરત જ સદ્‌ગુરુ આપણી મદદે દોડી આવે છે. તેઓ આપણને થપ્પડ મારીને પણ સાચું જ્ઞાન કરાવે છે. કેવું અહેતુક, નિઃસ્વાર્થી રક્ષણ એ પરમ દેવ કરી રહ્યા છે!

બીજો એક અગત્યનો નિયમ એ ભોજનનો હતો. માત્ર એક જ ટંક ખીચડી–શાક–કઢી કે છાશ મળવાની હતી. બપોરે દૂધ–ફળ અને પાછળથી સલાડ ઉમેરાયું હતું અને સૂકામેવાની નાની કોથળી અપાતી. આમ જોવા જઇએ તો જે ઉપવાસ કરતા હોય તેમને માટે આ કોઇ અઘરો નિયમ ન હતો. પણ ૨૫–૨૫ દિવસ સુધી એકનું એક જ ભોજન–ખીચડી–શાક અને દૂધ–ફળ લેવાનાં તે વાત થોડી અઘરી લાગે. પણ પૂ. શ્રી માની પોતાના ભક્તોને ખરેખર સાધના કરાવવાની જે ભાવના હતી તે આ ભોજન વ્યવસ્થા કારણ હતું. પહેલી વાત તો પૂ. શ્રી માને ના ગમે એ કે સાધના કરવા આવેલી બહેનોએ આખો દિવસ રસોઇ કરવામાં કાઢવો પડે. વિદેશની ધરતી ઉપર રસોઇ જાતે જ બનાવવી પડે છે. પૂ. માને આ કોઇ કાળે મંજૂર ન હતું. બીજું કારણ એ કે ભારે ખોરાક બે ટંક લીધા પછી કોઇનામાં જપ, ધ્યાન, પાઠ પારાયણ કરવાના હોંશ રહે જ નહીં. સૌને પ્રમાદ થઇ જાય. તો વળી આ સ્થાનમાં કોઇ ડોક્ટરની વ્યવસ્થા નથી. તેથી જો કોઇની ભારે ખોરાકથી તબીયત બગડે તો તેનો ઇલાજ કરવા માટે પાછી દોડાદોડી કરવાની. આ બધાની વચ્ચે જે સાધનાનો હેતુ છે તે ના

સચવાય. આવી દીર્ઘદૃષ્ટિ પૂ. માની હતી. એથી એમણે જ ભોજન-નો આ નિયમ બનાવ્યો હતો.

આગળ જોયું તેમ પૂ. શ્રી મા નિયમોની જડતામાં નથી માનતાં, તેમ પૂ. શ્રી માને જ્યારે જાણ થઇ કે કેટલાક શિબિરાર્થી-ઓને ડાયાબીટીસ હોવાથી દૂધ અને ફળ માફક નથી આવતાં. તો બપોરના અલ્પાહારમાં તરત જ સલાડ આપવાનું કહ્યું. એક દિવસ તે પ્રયોગ કર્યા પછી સૌને પૂછ્યું કે બધાને ફાવે છે? પૂ. શ્રી મા ક્યારેય કશું લાદવામાં માનતાં નથી. તેઓશ્રી માને છે કે મન વગર કરેલું કોઇ પણ કાર્ય સારું થતું નથી. અને તેથી જ તેઓ શ્રી જ્યારે કોઇ પણ કાર્ય કરે તેમાં પોતાનો પ્રાણ રેડી દે છે. તેમ જ દરેકને પૂછ્યા પછી રોજ જ સલાડ બપોરે અલ્પાહારમાં આપવાની સૂચના કરે. આમ ભક્તોની સતત કાળજી પૂ. મા વગર કોણ રાખે? અને એમની સૂક્ષ્મ દૃષ્ટિ નાના અમસ્તા ફેરફાર અથવા તો અગવડનો તરત જ નોંધી લે! આમ તો શિબિરમાં આવનારે અગવડોનો સામનો કરવાનો છે એવું આમંત્રણ પત્રમાં હતું, પણ પૂ. શ્રી મા જ્યાં હાજરી ત્યાં ક્યાંયે અગવડ પડે જ નહીં. પોતાના બાળકોને તાલિમ માટે તે નવનવા પ્રયોગ કરાવડાવે. ઓઝોના શિબિર માત્ર દસ દિવસની હતી અને તેમાં નવરાત્રી ઉત્સવ પણ હતો તો વળી તે શિબિરના યજમાન શ્રી જગુભાઇના નિવાસ્થાન એટલે કે મોટલ પર જ હતી. તેથી સઘળી વ્યવસ્થા ઘર જેવી અને સરસ હતી. તો વળી શ્રી નયનાબેનની ઇચ્છા પણ સૌ સાધકોને સારું ભોજન પીરસવાની. માટે ઓઝોનામાં શિબિર-માંએ સૌએ બાદશાહી સગવડ માણી. પણ એનો અર્થ એ નથી કે આ શિબિરમાં ખૂબ તકલીફ પડી. પૂ. શ્રી મા જ્યાં હોય ત્યાં અમે જોયું છે કે ઓછામાં ઓછી તકલીફ હોય. મને તો આ સ્થળે કોઇ પણ જાતની તકલીફ દેખાઇ નથી. રહેવા માટે હિટર સાથેના રૂમ

અને રસોડું. ત્યાં જરૂરી બધી જ સગવડ–લાઇટ–પાણી–બાથ-રૂમ–સંડાસ સઘળું જ હતું. મચ્છર હતા પણ તે તો બહાર નીકળીએ ત્યારે. તો પછી તકલીફ શું હતી? હા, જેને તકલીફને આમંત્રણ આપવું હોય તેને માટે થોડી તકલીફ હતી. અહીં ટી. વી. નથી, ન્યુઝપેપર નથી, કોફી ચ્હા, બ્રેકફાસ્ટમાં ગાંઠીઆ–સેવ નથી તો પીઝા–કોક કશું જ નથી! પૂ. શ્રી માએ એક દિવસ ભોજનની સમજ આપતા કહ્યું હતું કે, "એક ટંક ખીચડીનું ભોજન, અલ્પાહારમાં સલાડ અને દૂધ, લીંબુનું પાણી એ તમારા સ્વાસ્થ્ય માટે જ અમે રાખ્યું છે. જેથી તમારી તબિયત સારી રહે અને સાધના સારી થઇ શકે. તો વળી પાચન પણ સહેલાઇથી થઇ શકે. એટલે પેટના રોગો પણ ના થાય." સુંદર સમજ પૂ. શ્રી માએ સૌને આપી તો અંતિમ બેઠકના અંતે પૂ. શ્રી મા સૌને હરડેનો પ્રસાદ પણ આપતાં. જેથી કોઇએ ખીચડી વધારે ખાઇ લીધી હોય તો પણ વાંધો નહીં. પૂ. શ્રી માની નાનામાં નાની વસ્તુનું સંયોજન એટલું વ્યવસ્થિત છે કે ક્યાંયે કોઇ કંઇ ખૂટતી નથી.

તો વળી આપણી પુરાણ પ્રસિદ્ધ ઉપવાસોની વૈજ્ઞાનિક દૃષ્ટિથી તો પૂ. મા સંપન્ન છે. પોતે નિત્ય ઉપવાસી છે. અને ઉપવાસના ફાયદા જાણે છે. તેથી તેમણે તે ફાયદાઓ પોતાના બાળકોને પણ થાય એવી ગણત્રી સાથે અગિયારસની આગલી રાત્રે આવાહન કર્યું કે કોણે નિર્જળા કરવા છે? અને લગગ બધા જ સાધકોએ પૂ. શ્રી માનું એ આવાહન ઝીલી લીધું. મોટાભાગના સાધકો જીવનમાં પ્રથમવાર નિર્જળા કરતા હતા. પણ સહુને પૂ. મા પર વિશ્વાસ હતો. એમની શક્તિમાં એમની દિવ્યતામાં વિશ્વાસ હતો કારણ કે સહુ પૂ. શ્રી માને ૧૫ વર્ષથી જોઇ જ રહ્યા છે ને પછી પણ જો ઉપવાસનું મહત્ત્વ ના સમજાય અથવા તો ઉપવાસ થઇ શકે એવો વિશ્વાસ ના બેસે તો જ નવાઇ લાગે. આમ સહુએ

નિર્જળાવ્રત કર્યું અને પૂ. શ્રી માએ સહુને પ્રોત્સાહિત કર્યાં. બીજે દિવસે સવારે સૌ ઉપવાસીઓને લીંબુ–પાણી આપીને પારણા કરાવડાવ્યાં! કોણ કરે આવું જતન? ઉપવાસ આપણે કરવાના, ફાયદો આપણને થાય, શરીર પણ આપણું, પણ તેની ચિંતા પૂ. શ્રી મા કરે! એટલે જ કદાચ તે મા કહેવાતાં હશે. અને માત્ર એક દિવસનો ઉપવાસ નહિ, ઘણા સાધકોએ તો બધા જ દિવસ દૂધ–ફળ પર રહેવાના નિયમ પણ લીધા હતા. તો ફરી પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિને પણ સૌને પ્રેમથી પ્રેરાઈને નિર્જળાવ્રત કરવાની પ્રેરણા આપી અને લગભગ બધા જ સાધકોએ નિર્જળાવ્રત કર્યું. કેવું અદ્દ્ભુત પ્રેરણાનું પિયુષ પાયા જ કરે છે! એક સાથે કેટલા બધા પ્રેમ–ભક્તિનાં પુષ્પો પોતાની સાથે પૂ. શ્રી મા પ્રભુના શ્રી ચરણે ચઢાવે છે. આમ પૂ. શ્રી માએ કહ્યું કે શરીરની શુદ્ધિ અને તેથી મન–શુદ્ધિ થાય છે. જે સાધનામાં સહાયભૂત બને છે અને મહત્ત્વનો ભાગ ભજવે છે તે સાબિત કર્યું. કંઈ કેટલાયે દર્દીઓના દુ:ખ અહીં ગાયબ થઈ ગયાં. કદી ન કરી શકે તેવા સાધકો રોજ સવારે ૧૦૦ થી ૨૦૦ પ્રણામ પણ કરવા લાગ્યા! આ કાંઈ જેવી તેવી સિદ્ધિ છે? નાયલોનના શરીર ધરાવનાર અહીં રહેતા માણસો વર્ષોથી સગવડોથી એવા ટેવાઈ ગયા છે કે તેમને કદાચ આ બધું અઘરું લાગે. પણ પૂ. શ્રી મા જ્યાં હોય ત્યાં બધું જ સરળ થઈ જાય. પ્રભુપ્રેમને લીધે અને ખાસ તો પૂ. શ્રી મા એક એવી શક્તિ છે કે જે દરેકના તન મનમાં પ્રવેશ કરીને થોડા વર્ષોની નહીં પણ જન્મો જન્મની જડતા દૂર કરી શકે છે! એને જે કરાવવું છે તે કરાવે છે. એટલે આ શક્તિ થકી જ સહુ આ શિબિરને માણી શક્યા.

કાર્યક્રમો પણ પૂ. શ્રી માએ સરસ ગોઠવેલા અને એ કાર્યક્રમોમાં પોતે ઘડીયાળના કાંટે હાજર થઈ જતાં. સવારના પ્રણામની બેઠકમાં બરાબર સાતના ટકોરે પૂ. શ્રી મા હાજર થઈ જતાં. હોલમાં થતી દરેક બેઠકોમાં એ ૨૬ દિવસ નિયમિત સમયસર હાજર રહેતાં અને સમયસર બેઠક પૂરી પણ થતી. તો કાર્યક્રમની ગોઠવણમાં વ્યક્તિગત સાધના માટે પણ છ થી સાત કલાક ફાળવવામાં આવ્યા હતા. જેથી ગમે તેવો નિયમ લીધો હોય તોપણ તે દિવસ પૂરતો તે નિયમ પાળી શકાય અને પૂરો કરી શકાય. દરેકને પોતાની રીતે સાધના કરવાની છૂટ! અને તેમ છતાં પોતાની મૂંઝવણ હોય તો પૂ. શ્રી મા તૈયાર જ. અરે! મૂંઝવણ ના હોય અને ખોટું કરતા હોઈએ તો તરત જ ટકોર પણ પૂ. શ્રી મા કરે અને તે રીતે સાધનાની રીત સુધારવાની શીખ પણ મળે! આ બધું જ કેવળ બાળકને આગળ ધપાવવા માટે ઈશ્વર પરાયણ બનવા માટે! એમાં બીજો કોઈ સ્વાર્થ ન મળે તે કેવું કહેવાય! પોતાના કેટલા બધા કલાકો સાધકો પાછળ ગાળતાં. પૂ. શ્રી મા ક્યારેય કંટાળ્યાં નથી, થાક્યાં નથી કે ગુસ્સે થયાં નથી. હા, નિયમોનો ભંગ કરે તો તેઓ નારાજ થયાં છે, પણ તે તો સાધકને નિયમિત બનાવવા માટે જ. એક માત્ર તેના કલ્યાણ કાજે જ! એવી પ્રેમસ્વરૂપા આ મા છે!

પ્રણામ પછી પ્રાર્થના અને પછી શરૂ થતો હતો વ્યાયામવીર શ્રી મા સર્વેશ્વરીનો શારીરિક સ્વાસ્થ્ય માટેનો વર્ગ. સાડા સાતે શરૂ થતા વર્ગમાં આ યોગાચાર્ય જુદા જુદા આસનો કરી બતાવતાં તો વળી કેટલાંક સહેલાં આસનો કરવાનું પણ કહેતાં. તો મોટાભાગના સાધકો તે કરી શકતા નહીં તેથી પૂ. શ્રી મા રમૂજ સાથે સૌએ કેવી ભૂલો કરી છે તે બતાવતાં. પછી હળવી કસરતો જે રોજના જીવનમાં કેટલી ઉપયોગી છે તે તો જેને ખબર છે તે જ તેનું મહત્ત્વ જાણે. પૂ. શ્રી માએ દરરોજ આ કસરતો નિયમિત કરાવી.

જાતજાતની કસરતો કરાવીને સૌને હળવા ફૂલ જેવા બનાવી દેતાં. રોજ સવારે થતી હળવી કસરતો શરીર અને મન બંનેને સ્ફૂર્તિથી ભરી દેતાં. પૂ. શ્રી માને અકસ્માતમાં પગની ઈજા થઈ હોવા છતાં એટલી કુશળતાથી અને ઝડપથી એ આસનો અને કસરત કરતાં કે અમોને આશ્ચર્ય થતું કેવી અજબની શક્તિ છે. આ નાના અમસ્તા શરીરમાં પવન જેવો વેગ અને વિજળી જેવી શક્તિ છે. આ શરીરમાં પળે પળે ભાગવતી સ્વરૂપનાં દર્શન થયા જ કરે. એક એક ડગલું, એક એક કાર્ય સઘળું શક્તિ–ભક્તિથી ભારોભાર ભરેલું! અને ક્યાંય નકારાત્મક ભાવ કે વિચાર જોવા જ ના મળે. સઘળું જ આગળ લઈ જનારું એવું એમનું દરેકે દરેક કાર્ય! આ હળવી કસરત અને યોગાસનો એ પૂ. શ્રી માની નિયમિત પ્રવૃત્તિ છે. પ્રણામ હો મા યોગેશ્વરીને!

આ જગ્યાએ એક લાભકારક વ્યવસ્થા કરી હતી તે વિડીઓ અને ટી. વી.ની. પૂ. શ્રી માએ આ શિબિરમાં એક કલાક પૂ. શ્રીના પ્રવચનો માટે પણ રાખ્યો હતો. પૂ. શ્રી યોગેશ્વરજીના ભક્તિ યોગ પરનાં પ્રવચનોએ આ શિબિરમાં એટલું બધું પ્રેરણાનું બળ આપ્યું કે સર્વ કોઈને ભક્તિ કરવામાં આનંદ આવતો હતો. ઘણા સાધકોએ પૂ. શ્રી યોગેશ્વરજીના પ્રત્યક્ષ દર્શન કર્યાં નથી. પૂ. શ્રી માએ એટલું વ્યવસ્થિત આયોજન કર્યું હતું કે પૂ. શ્રીની જેટલી પણ ઉપલબ્ધ વિડીયો કેસેટ છે તે અહીં મંગાવેલી. તેથી તેમના અદ્ભુત પ્રવચનોનો લાભ સૌએ મન મૂકીને માણ્યો. કેનેડા, સાઉથ આફ્રિકા, અમેરીકાની પૂ. શ્રીની વિડીઓ કેસેટ પ્રવચનોએ ભક્તિમાર્ગનાં અદ્ભુત રહસ્યો સમજવામાં ઘણી મદદ કરી. હું એવી પ્રાર્થના કરું કે આ વિશાળ દૃષ્ટિકોણથી સમજાવેલી ભક્તિની પગદંડી પર હું પગલાં પાડી શકું. (ક્રમશઃ)

My Memories of Mahatmaji

Nitya Nand Badoni

It was the year 1969 and I was a class IXth Student in Mussoorie. My mother and father were then regularly visiting the Gandhi Niwas Society, where Mahatma Yogeswarji used to give his evening Pravachans. One day my father also asked me to join them to the Pravachans. Although by God's grace I had been blessed by good Satsangs and spirituality by my parents, yet I do not know I was a bit hesitant to go to the Pravachans, for I may had anticipated in those days a kind of professional Guru giving discourse in a luxuriant or salubrious climate of Mussorrie. I did not openly express my views to my father, for he spoke very high about the Pravachans and looked very much and deeply influenced by Mahatamaji.

It was a beautiful evening that day as we walked through the Mall Slowly trudging towards the small hall of the society. At five in

the evening the hall was completely packed with a good audience. I too sat along with my father. At first sight when I saw Mahatamaji sitting in a calm poise, robed in whites in a posture from which emanated a radiance of serenity, silence, peace and tranquility. There was a grace and bliss that floated without speaking a word. An instant impact of a lifetime was marked on my conscience from that very moment and onwards.

The Pravachans began with a vibrant OM, and I did not know when the hour had gone. I longed for more of that divine gospel and deep inside I desired for more and more. Then keenly I looked forward everyday for the evenings to be in the Gandhi Niwas Society hall with Mahatmeji. How erudite, simple, penetrative and above all the mind and heart absorbing his Pravachans were on the scriptures, particularly on Srimad Bhagwatam. Everyone seemed to be spellbound for that golden hour. It was in essence the mingling of Saraswati with the vibrant Ganga. The Gyana flowed as if like melting snow at the source from the white peaked and white capped

Himalayas. Mahatamaji, robed in white rose in the small platform, and to me he was the inspirational Himalaya, murti of melting Gyana, moment after moment.

The nucleus of his renderings on Adhyatma was on Samanvaya. He stressed on Samanvaya. He stressed on Samanuaya, the confluence of Gyana, Bhakti and Karma with a very fine sense of Yoga alongwith.

Amidst the shrotas at that time were the graceful residents of Mussoorie. From simple folks who rallied with complete Bhava with Mahatmaji and amongst them was also my mother, and there were people from different stages of mind and spirituality. For me one person that outstood out of the shrotas was Mahatma Bhagwan. He would come very quietly wearing a light saffron chaddar and khadaoos and sit patiently listening with rapt attention in a meditative posture throughout the whole Pravachan hour. Yogeswarji knew Mahatma Bhagwan very well who was in the late eighties at that time. To witness Yogeswarji at one end and see Mahatma Bhagwan at the other, it was as if, a setting of

perfect coordination between a shrota and the vatka. To define bliss, grace and perfection one would have to experience such moments with the saints.

August, 15 was always the day to remember, for it is also the birthday of Mahatmaji. The dais was bedecked with beautiful flowers along with the tricolour. It was a special day of the blessings and Mahatmaji although the same as everyday looked more enthusiastic to add a bit about the nation and Gandhiji, whom he adored from his heart.

Then later when we were in Dehra Dun, for us those days became very special days, when for years Mahatmaji along with Mataji use to bless our home in May and October every year. It was while going and coming back from Mussoorie on or from their way from Gujarat. How our whole family rejoiced by his kripa and blessings. It was his disciplined, quiet and graceful company with added light humour that attracted us most. He used to be very caring about his mother, she was a sweet lady, a very lovable person. For

we children she was yet another adorable grandmother.

The very thing to learn from Mahatmaji was his significant daily routine and the balance of his composure. His sombre radiance magnified not only in his brilliant and thodrough studies on the texts but by the way he distributed the precious time of the day in his day to day routine. He was truly a Yogeswar.

I also remember how Guriji Shri Roop Kishore Kapoor of Chitrashala use to come to our house when Yogeswarji was in residence. He was much a dedicated bhakt who highly desired, the company and satsangs of Mahatmaji. Later in the years Maa joined Yogeswarji with other bhakts from Gujarat and I remember how Maa use to sit quietly aside Mahatmaji enjoying his satsangs in total bliss. Mahatmaji always encouraged to sing Bhajans and while he himself sang his favourite – 'Premi Aapani Preet Purani' he asked Maa to sing Bhajans, who as now liked Bhajans very much. My sisters Urmila and Pramila also

sang a lot of Bhajans which Mahatmaji always appreciated.

I thank and what a simple word thank is, my parents who introduced me to Mahatmaji and pray more for of his grace which I feel is ever present and very much today personified through Maa.

મોટાભાગના માણસો એવો ભ્રાન્ત ખ્યાલ ધરાવે છે કે જે શરીરથી કામ કરે છે, તેઓ જ સેવાનું યથાર્થ કામ કરે છે. પરંતુ ગીતા કહે છે કે માત્ર કાયાથી જ કામ થાય છે એવું નથી–મનસા–મનથી–સંકલ્પથી પણ સાચા સંતો ઘણી બધી સેવા કરતા રહે છે અને તે પણ કોઈ પ્રકારના કર્તૃત્વ-ના ભાર સિવાય.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

મારા સંસ્મરણો પૂ. મહાત્માજીના

નિત્યા નંદ બડૌની. (દહેરાદૂન)
અનુવાદક : તંત્રી

૧૯૬૯ નું એ વર્ષ હતું. હું ત્યારે નવમા ધોરણમાં મસૂરીમાં અભ્યાસ કરતો હતો. મારાં માતા–પિતા બન્ને ત્યારે નિયમિત રીતે મસૂરીની ગાંધીનિવાસ સોસાયટીમાં દરરોજ સાંજે પૂ. મહાત્માજી-નાં જે પ્રવચનો થતાં તે સાંભળવા જતાં, ભગવાનની કૃપાથી મને મારા માતા–પિતાદ્વારા સારા સંસ્કારો અને આધ્યાત્મિકતાની પ્રાપ્તિ થયેલી. તેમ છતાં કોણ જાણે કેમ હું એ પ્રવચનોમાં જતાં થોડો ખચકાટ અનુભવતો, કારણ કે તે દિવસોમાં મેં અનુમાન કરેલું કે ધંધાદારી ગુરુ મસૂરીની આરોગ્યપ્રદ ને વિલાસી વાતાવરણ વિષે પ્રવચનો કરતા હશે. મારા આ અભિપ્રાયો મેં મારા પિતાજી સમક્ષ કદી ખુલ્લી રીતે દર્શાવેલ નહિ કારણ કે તેઓ મહાત્માજીના પ્રવ-ચનોનાં ખૂબ વખાણ કરતા. તેથી લાગતું કે તેઓ પૂ. મહાત્માજીથી ખૂબ પ્રભાવિત થયેલા છે.

તે એક સરસ સાંજ હતી, જ્યારે અમે ધીમી ચાલે માલ વિસ્તાર વીંધીને સોસાયટીના નાના હોલ તરફ જઈ રહ્યા હતા. બરાબર પાંચના ટકોરે આખો હોલ શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ ગયેલો હતો. હું પણ મારા પિતાજી જોડે બેઠો. પ્રથમ દર્શનમાં જ મેં પૂ. મહાત્માજીને શ્વેત વસ્ત્રો ધારણ કરેલા, શાન્ત મુદ્રામાં બેઠેલા જોયા. તેમની આસપાસ નિર્મળતા, મૌન શાન્તિ અને સ્વસ્થતાની આભા પ્રસરેલી હતી. એક પણ શબ્દ બોલ્યા વિના એક પ્રકારની પ્રકૃતિદત્ત શ્રેષ્ઠતા અને પરમ આનંદ વાતાવરણમાં પ્રસરેલાં

જણાતાં. તે જ ક્ષણે અને તે પછી પણ, મારા અંતર આત્મા પર તુરત જ જીવનપર્યંતનો પ્રભાવ અંકિત થઇ ગયો.

ૐના ઉચ્ચારથી પ્રવચન શરૂ થયું અને કલાક ક્યાં પસાર થઇ ગઇ તેની મને ખબર પણ ન રહી. તે પછી તો તે દિવ્ય કથામૃત ને અંદરની શાંતિનો અનુભવ કરાવતી દિવ્ય વાણીની હું વધુ ને વધુ ઝંખના કરતો થઇ ગયો. પછી તો રોજ સાંજ ક્યારે પડે અને ગાંધીનિવાસ સોસાયટીના હોલમાં પૂ. મહાત્માજીના સાન્નિધ્યમાં ક્યારે પહોંચી જાઉં તેની આતુરતાપૂર્વક રાહ જોતો. તેઓની કેવી સરળ વિદ્વત્તાપૂર્ણ, વેધક અને મન અને અંતરને તરબોળ કરી દેતી અદ્‌ભુત વાણી! પ્રવચનનો વિષય હતો શ્રીમદ્ ભાગવત દરેક શ્રોતાઓ તે એક કિમતી કલાક દરમ્યાન સ્તબ્ધ થઇને સાંભળતા. તાત્ત્વિક રીતે જાણે ઉછળતી ગંગા સરસ્વતીમાં સમાઇ જતી હોય એમ લાગતું. હિમાલયનાં શ્વેત બરફીલાં શિખરો પરનો બરફ જાણે ઓગળીને જ્ઞાનધારામાં પ્રવાહિત થઇ વહેતો જણાતો. નાના સભામંચ ઉપર શ્વેતવસ્ત્રધારી મહાત્માજી મારા માટે પ્રેરણામૂર્તિ હિમાલય બની ગયા. અને પછી તો દરક્ષણે મારા માટે જ્ઞાનની ધારાની મૂર્તિ થઇ ગયા!

અધ્યાત્મ અંગેની એમની રજૂઆત સમન્વયકારી હતી. આવા સમન્વય ઉપર તેઓ ખાસ ભાર મૂકતા. યોગ સાથે જ્ઞાન ભક્તિ અને કર્મનો સુભગ સમન્વય–તેઓ ઉદ્‌બોધતા.

તે વખતે શ્રોતાગણોમાં મસૂરીના વૈભવશાળી લોકો સાથે મહાત્માજી પ્રત્યે ભાવવાળા સરળ લોકોનો પણ સમાવેશ થતો. મારી માતા પણ તેઓમાંની એક હતી. આમ વિવિધ આધ્યાત્મિક અને માનસિક કક્ષાના લોકો પ્રવચનો સાંભળવા આવતા. પરંતુ આ બધા શ્રોતાઓમાં મહાત્મા ભગવાન મારે મન જુદા તરી

આવતા. તેઓ ભગવાં વસ્ત્રો અને પગમાં ચાખડીઓ પહેરી આવતા. તેઓ શાન્તિપૂર્વક આવીને પ્રવચન ખૂબ ધ્યાનપૂર્વક સાંભળતા. પ્રવચનના એક કલાક દરમ્યાન તેઓ ધ્યાનમાં ડૂબેલા લાગતા. પૂ. મહાત્મા યોગેશ્વરજી પણ તેમને સારી રીતે ઓળખતા. તે વખતે મહાત્મા ભગવાનની ઉમ્મર એંશી આસપાસની હતી. એક બાજુ મહાત્મા યોગેશ્વરજી અને બીજી બાજુ મહાત્મા ભગવાન કેવું સરસ શ્રોતા અને વક્તાના સમન્વયનું દર્શન! જો આપણે આંતરિક આનંદ સુંદરતા અને પૂર્ણતાની વ્યાખ્યા કરવી હોય તો આવા સંતોના સાન્નિધ્યમાં થોડો સમય ગાળવો પડે.

૧૫ મી ઓગસ્ટ એ એક યાદગાર દિવસ. પૂ. મહાત્માજીનો તે જન્મદિવસ. તે દિવસે સભા મેચ સુંદર ફૂલો અને ત્રિરંગી ઝંડાથી શણગારવામાં આવેલા આશીર્વાદ માટેનો એક ખાસ દિવસ હતો. પૂ. મહાત્માજી તો રોજની જેમ જ છતાં તે દિવસે રાષ્ટ્ર અને પૂ. મહાત્મા ગાંધી વિષે ઉત્સાહપૂર્વક બોલ્યા. ગાંધીજીપ્રત્યે તેઓ ખૂબ પૂજ્યભાવ ધરાવતા.

તે પછી પાછળથી અમે જ્યારે દહેરાદૂનમાં હતા, ત્યારે પૂ. મહાત્માજી તેઓના માતાજી સાથે દર વર્ષે કૃપા કરીને મે અને ઓક્ટોબરમાં ગુજરાતથી મસૂરી જતાં અને મસૂરીથી ગુજરાત પાછા ફરતાં અમારા ઘરે પધારતા. તે દિવસો અમારે માટે ખાસ વિશિષ્ટ બની રહેતા. અમારું આખું કુટુમ્બ તેઓની કૃપા અને આશીર્વાદથી કેવું મઝાનું ખુશખુશાલ બની ઊઠતું! ત્યારે તેઓનું શિસ્તપૂર્ણ, શાન્ત અને ગૌરવભર્યું છતાં હળવી મજાકભર્યું સાન્નિધ્ય અમને ખૂબ આકર્ષિત કરતું. તેઓ પોતાની માતાજીની ખૂબ કાળજીભરી સંભાળ રાખતા. માતાજી પણ કોઇને ચાહવા ગમે તેવાં પ્રેમાળ વ્યક્તિ હતાં. અમારા જેવા છોકરાઓ માટે તેઓ જાણે અમારાં બીજાં દાદીમા બની રહેતાં.

પૂ. મહાત્માજી પાસેથી ખાસ શીખવા જેવું હોય તો તેમની રોજીંદી શિસ્તપૂર્ણ જીવન શૈલી અને સ્થિતપ્રજ્ઞતા. એમની સૌમ્ય તેજસ્વીતા શાસ્ત્રોના પ્રખર અને તલસ્પર્શી અધ્યયનમાં જેટલી પ્રકાશિત થઈ ઊઠતી, તેના કરતા ઘણા વિશેષ પ્રમાણમાં તેઓ જીવનના વ્યવહારોમાં રોજબરોજના પોતાના કિમતી સમયની જે રીતે વહેંચણી કરતા તેમાં વ્યક્ત થતી. આમ તેઓ ખરેખર યોગેશ્વર હતા.

મને એ પણ યાદ છે કે પૂ. મહાત્માજી અમારે ત્યાં પધારતા ત્યારે મસૂરીની ચિત્રશાળાવાળા ગુરુજી શ્રી રૂપ કિશોર કપૂર પણ અમારે ઘરે આવતા. તેઓ એક સમર્પિત ભક્ત હતા જેમને પૂ. મહાત્માજીના સાન્નિધ્ય અને સત્સંગની તીવ્ર ઝંખના રહેતી. પાછલાં વર્ષોમાં મા શ્રી સર્વેશ્વરી પૂ. મહાત્માજી સાથે જોડાયાં. મને એ પણ યાદ છે, પૂ. મા–મહાત્માજીની એક બાજુ ખૂબ શાન્તિ-પૂર્વક બેસતાં અને સત્સંગના પૂર્ણ દિવ્ય આનંદમાં ડૂબી જતાં. પૂ. મહાત્માજી પૂ. માને હંમેશ ભજન ગાવા માટે પ્રોત્સાહિત કરતા અને પોતાને પ્રિય એવું પેલું ભજન "પ્રેમી આપણી પ્રીત પુરાણી." પૂ. માને ગાવાનું કહેતા. પૂ. માને હાલ પણ ભજન ગાવા ખૂબ ગમે. મારી બહેનો ઊર્મિલા અને પ્રેમીલા પણ ઘણાં બધાં ભજનો ગાતી. પૂ. મહાત્માજી તેમને પણ હંમેશા પ્રોત્સાહિત કરતા રહેતા.

હું આભાર માનું છું. (આ આભાર શબ્દ કેવો સરળ છે) મારા માતાપિતાનો કે જેમણે મને પૂ. મહાત્માજી સાથે પરિચય કરાવી આપ્યો અને તેમની વધુ કૃપા માટે પ્રાર્થના કરું છું. જેનો હું સદૈવ અનુભવ કરું છું. જેને આજે પૂ. માદ્વારા સાકાર થઈ રહેલી અનુભવું છું. □

ME AND MYSELF

Adarsh Gopal

With tears in my eyes
I seek to SEE ME.
The salt water rolls
Down the cheeks.
The throat is heavy
with saliva and tears.
The nose is running.
I can hardly see.
Through the tears,
The glimpses of a yonder world
are there.
Nothing concrete!
Nothing sure!
I feel that is where,
There is going to be
The merger of ME and MYSELF.
As long as I am aware of
This ME and MYSELF
Here in this world of five senses!
The glimpses yonder are a clarion call
for ME and MYSELF.
ME and MYSELF
Wishes to rum there and merge
In the blue ocean of sky.

But the 'me' keeps ME and MYSELF here
Tied to
The paying of the bills,
The caring of this body,
The anxiety about others.
And that moment of
MERGER is lost
And!
I am left with the
SEARCH for
ME and MYSELF.

જાગવાની જરૂર

પ્રેમ પ્રકટયાવિનાની ભક્તિ અધૂરી છે. પ્રેમવિના પ્રભુસુધી પહોંચવું કદી શક્ય નથી.

યોગેશ્વરજી

દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫ ૦૦૧.

હું અને મારો અંતરાત્મા

મૂળ લેખક : આદર્શ ગોપાલ
અનુવાદક : તંત્રી

આંખમાં અશ્રુઓ સાથે હું મને શોધું છું. કિન્તુ ગાલ ઉપરથી ખારાં બિન્દુઓ સરે છે ને ગળામાં અશ્રુઓનો ડૂમો બાઝે છે. ને નાકમાંથી પાણી ટપકે છે. ઝળઝળિયાં ભરેલાં નયનોથી હું પેલેપારની દુનિયાની ઝાંખી કરવા પ્રયત્ન કરું છું. પણ ત્યાં કશું સ્થૂળ કે નિશ્ચિત જણાતું નથી. મને લાગે છે કે ત્યાં જ હું અને મારો અંતરાત્મા એકરૂપ થતાં હોઈશું. કિન્તુ જ્યાંસુધી હું ભૌતિક દુનિયા સાથે મારી પાંચેય કર્મેન્દ્રિયોવડે જોડાયેલો છું. ત્યાંસુધી મારા અંદરની પેલે પારની દુનિયાનો માત્ર જાગ્રત કરનાર પોકાર જ બની રહેવાનો અને આમ હું મારા અંતરાત્મા સાથે એક થવાની ક્ષણ ગુમાવી બેસું છું. અને મારે ભાગે ફરી મારા અંતરાત્માની ખોજ રહી જાય છે. કરવાનું શેષ હું મારા અંતરાત્મા સાથે જ્યાં વૈશ્વિક ચેતનાનો ભૂરો સાગર ઊછળી રહ્યો છે ત્યાં દોડી જઈ તેની સાથે એકરૂપ થવા ઇચ્છું છું. પણ અફસોસ, આ મારી ભૌતિક સભાનતા, મને બીલો ભરવા, શરીરની સંભાળ રાખવા અને બીજાઓ માટેની (બીનજરૂરી) ચિન્તાઓ ઝકડી રાખે છે.

મૌન સાધના શિબિરના સાધકો વિષે

ધીરજબેન નાણાવટી

આ મૌન શિબિર વિશે ઘણી વાત કરી. હવે આપણે સાધકો વિશે થોડી વાત કરીશું. પૂ. શ્રી માના ભક્તો માટે આવી ૨૫ દિવસની મૌન શિબિર પહેલવહેલી વાર ઉત્તર અમેરિકામાં થઇ છે. મોટા ભાગના સાધકો માટે આ એક નવો પ્રયોગ છે. પૂ. મા પ્રત્યેની શ્રદ્ધા પ્રેમ અને ભક્તિને લઇને ઘણા સાધકો નિર્ભય બનીને ભાગ લેવા આવ્યા છે. કોઈને ખબર નહોતી કે કઇ જાતનો કાર્યક્રમ હશે. કેવા નિયમો પાળવા પડશે, તે વિશે થોડી માહિતી આવનાર વ્યક્તિઓને ટૂંકમાં આપવામાં આવી હતી. દા. ત. 'સાદો હળવો ખોરાક, મૌનવ્રત, અગવડોમાં સર્વોત્તમ સગવડ માની ફરિયાદ વગરનું સાધનાત્મક, સ્વાશ્રયી જીવન જીવવાની આ તાલિમ છે.' સાધના કરવા માટેના કેટલાક નિયમોમાંથી બે ત્રણ પસંદ કરીને નિયમિત રીતે રોજ કરવાના. દા. ત. ૧૦૮ સરળ-ગીતા, વિષ્ણુ સહસ્રનામ, ચંડીપાઠનું પારાયણ, અથવા ૨૫૦૧ પ્રણામ, વગેરે વગેરે. ખોરાક માટે પણ જાણ કરવામાં આવી હતી. વધુમાં વધુ ૨૫ દિવસ અથવા ૨૧, ૧૪, કે ૭ દિવસ રહેવું પડશે, એનો ખુલાશો કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સદ્‌વાંચન કરવાની પણ છૂટ આપી હતી. આ બધું જાણીને સમજીને પછી જ સાધનામાં આવવાની તૈયારી કરવાની કહ્યું હતું.

મોટા ભાગના સાધકો થોડી ઘણી માનસિક તૈયારી સાથે જ આવ્યા હતા. કેટલીક રોજીંદી, ભૌતિક જરૂરિયાતો માટે પણ થોડું

ઘણું જતું કરવું પડે તે પણ કરવા માટે તૈયાર હતા. પણ આપણી પડેલી ટેવો, અને પૂર્વજન્મના સંસ્કારોને કંઇ એમ એકદમ જલ્દી બદલી શકાતા નથી. તેથી ખૂબ જ ધીરજથી અને સ્નેહથી પૂ. શ્રી મા બધાને સૂચનો દ્વારા, સારા વાંચનો દ્વારા પોતે જાતે નિયમોને અમલમાં મૂકીને દાખલો બેસાડવા પ્રયત્ન કરી રહ્યાં હતાં. પૂ. શ્રી મા સૂક્ષ્મવિચારોને પણ જાણી જતાં હતાં, તે જોઇને ઘણા સાધકો આ શિબિરમાં પોતાને સુધારવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. સંપથી, સહકારથી, એકબીજાને મદદરૂપ થઇને ઘણા ખરા સાધકો આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. આમ જોઇએ તો ઉત્સાહ અને ઉમંગથી સોંપેલા કામની સેવા પણ કરી રહ્યા હતા. કેટલીક વાર સેવા ચીંધવી પડે અથવા ધ્યાન દોરવું પડે કે અહીં સેવાની જરૂર છે. પૂ. શ્રી માએ 'નમ્રભાવે સેવા' કરવા પર ઘણો ભાર મૂક્યો હતો. આધ્યાત્મિક ક્ષેત્રે આશ્રમવાસીઓ માટે ગુરુસેવા (તેમાં બધી જાતની સેવા આવી જાય) એ એક બહુ મહત્ત્વની વાત ગણાય. ઉપનિષદ્‌માં દાખલો છે કે એક ગુરુ શિષ્યને કેટલીક ગાયો આપી-ને તેને હજાર જેટલી કરીને આવવાની આજ્ઞા આપે છે. શિષ્ય તે પ્રમાણે બરાબર આજ્ઞાનું પાલન કરે છે. બીજી બાજુ બીજા શિષ્યો ગુરુ પાસે રહીને શાસ્ત્રો વગેરેનું અધ્યયન કરે છે. જ્યારે પેલો શિષ્ય પાછો ફરે છે ત્યારે બધું જ્ઞાન તેને મળી ગયું હોય છે. બધા શિષ્યોને નવાઇ લાગે છે.

બીજો દાખલો રામાયણમાંથી લઇએ તો શબરી ભીલ જાતિની હતી, પણ તેના ગુરુની આજ્ઞા પ્રમાણે રામનું નામ લેતાં લેતાં સાફ સફાઇનું કામ કરતી હતી. ગુરુના કહેવા પ્રમાણે શ્રી રામચંદ્રજી જ્યારે વનમાં ગયા ત્યારે સીતાની શોધ કરતાં કરતાં શબરી રહેતી હતી તે આશ્રમમાં પહોંચી ગયા ને શબરીનો ઉદ્ધાર

કર્યો હતો. આથી જ પૂ. શ્રી મા કહે છે કે 'સેવા શોધી લ્યો.' નિયમિતતા, શિસ્ત, મિતાહાર, ઊંઘ પરનો કાબૂ, જપ સ્મરણ, સદ્વાંચન વગેરે પણ બરાબર થતું હોય એમ લાગતું હતું. કેટલાક મૂક સેવા કરનારા સાધકો, તો કેટલા આગળ વધી ગયા તે તો પૂ. શ્રી મા જ જાણે. ત્યાગમૂર્તિ તપેશ્વરી પૂ. મા ત્યાગ કરવા માટે પણ પ્રોત્સાહન આપતાં હતાં, ને ઘણાએ ખુશીથી કેટલીક વસ્તુઓનો ત્યાગ કર્યો હોય તેવા દાખલા પણ જોવા મળતા હતા. દુઃખ કે સુખ લગાડયા વિના, જેથી પરિસ્થિતિમાં રહેવા મળે તેમાં રહીને, જાણે કે તપ કરતાં હોઈએ, એવી સહિષ્ણુતા કેળવીને જ સાધનાને સફળ કરવાની હતી. જો કે અહીં જરૂરિયાત પૂરતી ઘણી ખરી આધુનિક જમાનાની સગવડો મળતી હતી, તેથી કોઈ વસ્તુનો અભાવ જણાતો નહોતો. આમ સાધકોને સાધના કરવામાં ખાસ મુશ્કેલી જણાતી નથી.

O

નોંધી લો

અધ્યાત્મ માસિકના સરનામામાં ફેરફારની જાણ હવે પછી નીચેને સરનામે કરવા વિનંતી છે.

ડૉ. બી. જે. જાગાણી
૨૪, નાલંદા ટેનામેન્ટ્સ, હીલડ્રાઇવ,
ભાવનગર–૩૬૪ ૦૦૨
તેમનો ટેલિફોન નં. : ૪૭૧૨૩૦ છે.
ભાવનગરનો STD CODE ૦૨૭૮ છે.

* પરમાત્માનો સાક્ષાત્કાર *

પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે અસાધારણ યોગ્યતાની આવશ્યકતા હોય છે. શોક અને મોહમાં મગ્ન માનવને માટે પરમાત્માની પ્રાપ્તિનું કાર્ય અતિશય કઠિન, લગભગ અશક્યજેવું થઈ પડે છે. પરમાત્માની પરમકૃપાને મેળવવા માગનારનું જીવન નિર્મળ જોઈએ અને મન સ્વસ્થ તથા સ્થિર. નિર્મળ મનના મહાપુરુષો શ્રદ્ધાભક્તિ સહિતની સતત સાધનાદ્વારા પરમાત્માને પામી અને જાણી શકે છે. એ પરમાત્મા સ્થૂળ પ્રાકૃત શરીરથી રહિત સચ્ચિદાનંદરૂપ છે. સર્વજ્ઞ, સ્વયંભૂ અને જ્ઞાનસ્વરૂપ છે. સર્વવ્યાપક તથા સૌના નિયંતા છે. એ સ્વેચ્છાનુસાર સ્વેચ્છિકરૂપ લઈને પ્રકટ થવાની શક્તિવાળા છે. સમસ્ત સૃષ્ટિનું સંચાલન કરે છે અને સૌને એમના કર્મસંસ્કારોને અનુલક્ષીને ફળ આપે છે. સનાતનકાળથી સંસારના સૂત્રધાર તરીકે કાર્ય કરે છે. પરમાત્મા જુદા જુદા જીવોની કર્મોની વ્યવસ્થા કરે છે અથવા કર્મફળપ્રદાતા બને છે તોપણ કર્મ અને કર્મફળની શુભાશુભ અસરોથી અલિપ્ત રહે છે. સૌના સૂત્રધાર અને સંરક્ષક હોવા છતાં સર્વે જાતની અહંતામમતામાંથી મુક્ત છે. એ આટલા વિશાળ વિશ્વનો ખેલ તો કરે છે પરંતુ તદ્દન ન્યારા રહીને. એમને કશું જ નથી સ્પર્શી શકતું. એ પરમાત્માને પામવા માનવે અહંતા, મમતા અને આસક્તિથી રહિત બનવું જોઈએ. એ પરમાત્મા માનવની પોતાની અંદર વિરાજમાન છે. ત્યાં એનો સાક્ષાત્કાર કરવા માટે કટિબદ્ધ બનવું જોઈએ.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

* પરમાત્મા ક્યાં વસે છે? *

ચાલનારા પદાર્થોને ચાલવાની શક્તિ અથવા ગતિ આપનારા બીજા કોઈ જ નથી, પરંતુ પરમાત્મા જ છે. એમના રૂપમાં પરમાત્મા જ દૃષ્ટિગોચર થાય છે અથવા ચાલે છે. જગતનું ચક્ર નિરંતર ચાલ્યા કરે છે. ઉષા તથા સંધ્યા, દિવસ અને રાત, શરદ–વસંત, ગ્રીષ્મ અને વર્ષા વારાફરતી આવે છે ને જાય છે. સૂર્ય, ચંદ્ર અને તારામંડળ પોતપોતાની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત બને છે. પવનની લલિત લહરી પોતાની વિલક્ષણ રીતે રાસલીલા રમ્યા કરે છે, સરિતા સમુદ્રની દિશામાં સતત રીતે અભિસરણ કરતી રહે છે અને સમુદ્ર ભરતીઓટની વિરોધાભાસી રમત રમે છે. સમસ્ત સર્જન એક ક્ષણને માટે પણ સ્થિર હોય એવું નથી લાગતું એનો સ્થૂળ–સૂક્ષ્મ વ્યાપાર અબાધિત રીતે એકધારો ચાલતો જ હોય છે. પરંતુ પરમાત્મા એવા સર્વ પ્રકારના વ્યાપારથી પર છે. એમને કશું જ નથી સ્પર્શતું. એ સૌથી અલિપ્ત હોય છે. એ દૂર–સુદૂરવર્તી પદાર્થોમાં તો રહેલા જ છે પરંતુ પાસેમાં પાસે પણ વિરાજે છે. પ્રાણની પણ પાસે છે. એ ઉપરાંત આસુરીસંપત્તિવાળા, કુકર્મપરાયણ પરમાત્માથી વિમુખ માનવોને માટે પરમાત્મા દૂર છે, પરંતુ પરમાત્માભિમુખ, સત્કર્મપરાયણ, દૈવીસંપત્તિવાળા માનવોને માટે તદ્દન પાસે અથવા સુલભ છે. અજ્ઞાનની અવસ્થા દરમિયાન દૂર છે અને આત્મજ્ઞાનની અલૌકિક અનુભવપૂર્ણ અવસ્થા દરમિયાન પાસે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.